વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 40

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

ઑક્ટોબર-૨૦૧૨



'અમે સૌ ગુજરાતી, વિશ્વની મહાજાતિ,
મુલાયમ હૈયું છે, વજ્રની છે છાતી'



# હાલો ગરબે...













અમેરિકાની ધરતી પર યોજાયેલાં કાર્યક્રમ 'ચાલો ગુજરાત'માં
શ્યામલ-સૌમિલ અને આરતી મુનશી દ્વારા ગુજરાતી ગીત-સંગીતની રજૂઆત



આપણું અમદાવાદ...
સુરીલું અમદાવાદ...
અમદાવાદની ગાથા.. અમદાવાદનાં ગીતો..
ગૌરવભેર.. ગમ્મત સાથે...
" મંદિર, મસ્જિદ, દેરાસર કે જાળી અને મિનારા
ખડકી, પોળ, મહોલ્લામાં જીવન સહુનાં મજિયારાં
(જ્યાં) કિલ્લા, દરવાજા, તળાવ ઈતિહાસ બનીને રહે
દેશ અને દુનિયામાં જેનું નામ ગુંજતું રહે
આપણું અમદાવાદ, આપણું અમદાવાદ...."
કાવ્યપંક્તિઃ માધવ રામાનુજ
Book with DVD & Audio CD
સંપર્ક કરોઃ
Marketed by :
Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk,
Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us : 26561834 / 35
visit us at : www.shyamalsaumil.com
પરિકલ્પના અને સંગીત
શ્યામલ-સૌમિલ
TOUCHING TUNES

# સંપાદકનું સારેગમ

## શક્તિ આરાધનાનો ઉત્સવ

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ

ઉત્સવપ્રિય છીએ આપણે સહુ. વીતેલા દિવસોમાં કેટકેટલાં દેવી–દેવતાઓનાં પૂજન આરાધન થયાં! સહુને સહુના શ્રદ્ધાસ્થાને માથું નમાવવાનો અવસર મળ્યો. ગણેશોત્સવ પછી પવિત્ર અધિક માસની ઉજવણી દરમિયાન શિવવંદના થઈ અને હવે આવશે શક્તિ આરાધનાના ઉત્સવઃ નવરાત્રિ મહોત્સવ, વિશ્વનો સૌથી લાંબો નૃત્યોત્સવ.

શિવ એટલે કલ્યાણ. શિવ સાથે શક્તિ જોડાય એટલે શિવ સક્રિય થાય અને કલ્યાણ સિદ્ધ થાય. શક્તિ વગર શિવત્વ ન પ્રગટે. શક્તિ વગર શિવ અધૂરા. શિવ અને શક્તિના યુગ્મના અદ્‌ભુત કલ્પનાચિત્રમાં અર્ધનારીશ્વરનું સ્વરૂપ પ્રગટ્યું એમાં શિવના ડાબા ભાગે શક્તિ બિરાજમાન છે. વામ ભાગે વામાનું હોવું એ હૃદયમાં પ્રિયના સ્થાનનું ધોતક છે. અદ્વૈતની કેવી મનોરમ મૂર્તિ!

નારીનો મહિમા માત્ર નહિ, નારી પ્રત્યે આદરની અભિવ્યક્તિ કરે છે, શક્તિ આરાધનાનો ઉત્સવ અને આદર નારીના માર્દવ કે માધુર્ય માટે જ નહિ, નારીની તાકાત માટે, નારીની પ્રતિભા માટે! આ આદર એ કોઈ કૃપાદાન નથી, સાધિકાર મેળવાતું સન્માન છે. નારીશક્તિનો મહિમા જગતજનની આધશક્તિ મા અંબા–જગદંબાની પૂજા–અર્ચનારૂપે વ્યકત થાય છે. સંસ્કૃત સ્તુતિ આદિ ઉપરાંત ગરબા રૂપે પણ એનું સાદર ગાન થાય છે. વલ્લભ ભટ્ટે એમના હૈયે છલકાતા છોરું ભાવ ના આનંદને 'આનંદનો ગરબો'કહીને ગાયો. વલ્લભ ભટ્ટના ગરબામાં જગદંબાના મહાકાળી સ્વરૂપ અને પાવાગઢના રાજનની મતિમંદતા અને એના પરિણામની કથા છે. એમાં નારીશક્તિની નિર્ભિકતાનો પરિચય મળે છે. મહિષાસુરમર્દિની રૂપે એ રુદ્ર અસુરોને ભય પમાડે તેવું છે.

નવરાત્રિના ઉત્સવ દરમિયાન ગવાતા ગરબામાં જૂનાની સાથે નવા લોકજીવનને ઢાળવાનો અમે પ્રયત્ન કર્યો છે. પરંપરાગત લોકઢાળ સાથે આધુનિકતાનો સુમેળ રચ્યો છે. ભૂતકાળને વર્તમાન સાથે જોડવાનો આ અભિગમ ભૂતકાળને જીવંત રાખશે અને વર્તમાનને સમૃદ્ધ બનાવશે એવી અમને શ્રદ્ધા છે. Red FM માટે તૈયાર કરેલા ગરબાએ અમારા આ વિશ્વાસને સુદઢ કર્યો છે.

સમયના આ બંને કાંઠા વચ્ચે સેતુ રચવાનો જ છે, સ્વરસેતુનો હેતુ!

-સૌમિલ મુનશી



વર્ષઃ૨ / અંકઃ ૪ / ઓક્ટોબર,૨૦૧૨

તંત્રી અને સંપાદકઃ સૌમિલ મુનશી

પ્રકાશકઃ સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શકઃ તુષાર શુક્લ

ડિઝાઈન કન્સેપ્ટસઃ
ઝીબ્રા આઈડીયાલૅબ

તસવીર પરામર્શકઃ સંજય વૈદ્ય, વિવેક દેસાઈ

વ્યવસ્થાઃ હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવઃ
મિરાત ભટ્ટ, જિગીષા જાની

સહાયઃ ગોપાલ પઢિયાર

કાર્યાલયઃ સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદવાદ–૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ – ૩૫

ઈ–મેઈલઃ
તંત્રીઃ saumilmunshi60@yahoo.co.in
પ્રકાશકઃ swarsetu@yahoo.com
swarsetu@shyamalsaumil.com

છૂટક મૂલ્યઃ ₹ ૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાંઃ ₹૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાંઃ અમેરિકન ડોલર ૫૦
બ્રિટીશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )

( નોંધ : લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.


**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad - 380 022 and **published from** 707, Shitiratna, Avinash Vyas Chock, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006. **Editor** - SAUMIL PARESH MUNSHI.

# શિવમહિમ્નઃ સ્તોત્રમ્

(ભૂમિકા તથા ભાવાનુવાદ સાથે)

## ઘેર બેઠાં દર્શન કરો બારે-બાર જ્યોતિર્લિંગના અને

## ઉજવો બારેમાસ ભક્તિનો ઉત્સવ







સંગીત રચનાઃ રસિકલાલ ભોજક

સંગીત આયોજન : શ્યામલ-સૌમિલ મુનશી

પરામર્શક : ડો. વાસુદેવ પાઠક 'વાગર્થ'

ગાયક કલાકાર : આરતી મુનશી, સૌમિલ મુનશી, શ્યામલ મુનશી

નીરજ પાઠક, અસીમ મહેતા, પ્રહર વોરા, ભૂમિક શાહ, હેતલ રાવલ, હરિતા દેસાઇ, શ્રુતિ મોદી, હિમાલી વ્યાસ અને આનલ મહેતા

**સંપર્કઃ હાર્દિક જોશી - મો. ૯૮૨૫૬ ૧૧૯૩૫ • ટચિંગ ટ્યૂન્સ, ૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ, અમદાવાદ-૬ ફોનઃ (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫ • ઈ-મેઈલઃ** swarsetu@yahoo.com

વ્યાપારી પૂછપરછ આવકાર્યઃ નેશનલ મ્યુઝિક સેન્ટર, કેલિકોડોમ સામે, રિલીફ રોડ, અમદાવાદ-૧, ફોનઃ (૦૭૯) ૨૨૧૩૩૩૦૨, ૨૨૧૩૮૨૮૮

## દરેક મ્યુઝિક સ્ટોરમાં ઉપલબ્ધ

## બે-બે-ત્રણ-ત્રણ વાર વાંચી જઈએ છીએ

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ના પ્રકાશન માટે શ્યામલ-સૌમિલ મુનશીને ખૂબ ખૂબ અભિનંદન. બે-બે, ત્રણ-ત્રણ વાર વાંચવાની ઈચ્છા થયે જ રાખે. ગુજરાતમાં અલગ-અલગ જગ્યાએ કાર્યક્રમો આપતા રહો છો, ગુજરાતી ગીત-સંગીતનો પ્રચાર તમારા દ્વારા થાય છે. તે ખરેખર સરાહનીય છે. -અભિનંદન. જામનગરમાં પણ તમને બે-ત્રણ વખત અમો મળ્યા છે, જામનગર, રાજકોટ તરફ પણ આવા કાર્યક્રમો થોડી વધારે માત્રામાં થવા જોઈએ એવું અમને લાગે છે. આપનાં ગીતોની CD પણ ઘણીવાર અમે સાંભળી છે. 'એક સ્કૂલ- હળવી ફૂલ' તો અમારા બાળકોને ખૂબ ગમે છે અને ખૂબ સરસ મઠારેલ છે.

'અમર સદા અવિનાશ'કાર્યક્રમ તો અમે ચૂકી ગયા. સ્વરસેતુએ કાર્યક્રમની માહિતી ખૂબ સારી આપી છે. 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' અમારે ત્યાં બે વર્ષથી નિયમિત આવે છે. અંતમાં જામનગરમાં જ સારો કાર્યક્રમ ગોઠવાઈ જાય તે રાહ જોઈએ છીએ.

-પાર્થ પંડ્યા,
જામનગર

## સંગીત અને કલા વિશેના લેખો સ્પર્શી ગયા...

હમણાં હું મુંબઈ મારા પુત્રને ઘેર ગયો હતો, ત્યાં 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' મેગેઝીન વાંચ્યું અને મને બહુ ગમ્યું. સંગીત વગેરે કલા વિશેના અર્થસભર લેખો વાંચ્યા, ખૂબ જ ગમ્યા. તમે આ સારી પ્રવૃતિ ઉપાડી છે. હમણાં કેટલીક એવી વાત સાંભળી મુકેશે 'પંખીડાને આ પીંજરું' ગીત ગાતા પહેલા રાજકોટમાં હેમુ ગઢવીને સાંભળ્યા હતા. જો આવી ઘટનાઓ તમારા મેગેઝીનમાં છપાય તો વાચકને વધુ જાણવા મળે ખરું? તમારો પ્રયત્ન અલબત્ત બહુ સારો છે. તુષારભાઈ જેવા પરામર્શક હોય એટલે કહેવાનું તો શું હોય! શ્યામલ-સૌમિલને આ પ્રવૃતિના જતન બદલ ખૂબ ખૂબ અભિનંદન.

- શાંતિલાલ રાણિંગા,
રાજકોટ



## મારે મેળે મ્હાલવા જાવું સે...

આવવું હોય તો આવજે છોરા
ભાઇબંધો ના લાવજે છોરા
મારે મેળે મ્હાલવા જાવું સે-

નથણી પે'રી ઝાંઝર પેર્યા
પે'રી હાથમાં ચૂડી
સરખી સહિયર હસતાં કહેતી
લાગે છે કે બહુ રૂડી
મનમાં મનમાં બળશે છોરા
ના પૂછવાનું પૂછશે છોરા- મારે મેળે

લટકે હાલું મટકે હાલું
હાલું જોડા જોડ
સાથમાં તારા મેળે ઘૂમું
હૈયે એવા કોડ
ગામ તો જોતું રહેશે છોરા
ના કહેવાનું કહેશે છોરા- મારે મેળે

પાવા કેરા સૂરની હેલી
મેળામાહે રહેતી રેલી
હાથમાં તારા હાથ પરોવી
રાસડે ઘૂમું ઘેલી
પ્રીતનો પાવો વાગે છોરા
સપના સૂતાં જાગે છોરા- મારે મેળે

શબ્દરચના: તુષાર શુક્લ
સ્વરરચના: શ્યામલ-સૌમિલ
સ્વરલિપિ: પંકજ પાઠક

નવરાત્રિ પર્વ પ્રસંગે શક્તિ આરાધના, કૃષ્ણપ્રીતિ અને અન્ય ગરબા ઉપરાંત ગામઠી ગરબાનું પણ એક વિશેષ આકર્ષણ રહેલું હોય છે. આજે અહીં તુષાર શુક્લ દ્વારા રચાયેલો તથા શ્યામલ-સૌમિલ દ્વારા સ્વરબદ્ધ થયેલો આ ગરબો સ્વરલિપિ સાથે પ્રસ્તુત છે. આ ગરબાની સૌ પ્રથમ રજૂઆત 'દીવડી' સંસ્થા દ્વારા કરવામાં આવી હતી અને ત્યારબાદ સમયાંતરે અન્ય કલાસંસ્થાઓ વેણુનાદ, સન્નિધ્ય વગેરે દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

# ગીત - આવવું હોય તો આવજે

**સ્કેલ F(સા), સફેદ-૪**

**લય-૬/૮, તાલ- ખેમટા**

$ | સા-સા રેમ - | મ-પ મપ - | --- --- | --- --- |
| આવવું હોયતો | આવ જે છોરા . | . . . . . . | . . . . . . |

| મ-પ મરે - | રે-મ પરે - | --- --- | --- મરેસા- |
| ભાઈ બં ધો ના . | લાવ જે છોરા . | . . . . . . | . . . . . . |

| સા-સા રેમ - | મ-પ મપ - | --- --- | --- --- |
| આવવું હોયતો | આવ જે છોરા . | . . . . . . | . . . . . . |

| મ-પ મરે - | રે-મ પરે - | --- --- | --પ પપ- |
| ભાઈ બં ધો ના . | લાવ જે છોરા . | . . . . . . | . . . મારે . |

| XX પ -પધ | મપમ ગરેસા- | સા-- સા-- | સા-રે રેરે- |
| મે ળે | મ્હા લ વા . . | જા . . વું . . | છે . . મારે . |

| XX પ -પધ | મપમ ગરેસા- | સા-- સા-- | સા-- XXX |
| મે ળે | મ્હા લ વા . . | જા . . વું . . | છે |

## અંતરા

| સાસારે ગરે - | X X | સાસારે ગરે - | X X | સાસારે ગરે - |
| નથણી પે' રી | | ઝાંઝર પે' ર્યા | | નથણી પે' રી |

| સાસારે ગરે - ( રેમગ રેગરે | સારે- XXX ) રે-પ મપ - |
| ઝાંઝર પે' ર્યા ( પે' રી હાથમાં | ચૂડી ) સરખી સહિયર |

| રે -મ રેમ - | રે -ગ પરે - | ગરેસા- - - - | સાસારે ગરે- |
| હસતા કહેતી | લા ગે છે બહુ | રુ ડી | નથણી પે' રી |

| X X | સાસારે ગરે - | X X | રેમગ રેગરે | સારે- XXX |
| | ઝાંઝર પે' ર્યા | | પે' રી હાથમાં | ચૂડી |

| રે -પ મપ - | રે -મ રેમ - | રે-ગ પરે - | ગરેસા- - - - |
| સરખી સહિયર | હસતા કહેતી | લા ગે છેબહુ | રુ ડી. . . . |

**મનમાં મનમાં બળશે છોરા, ના પૂછવાનું પૂછસે છોરા (૨) મારે મેળે મ્હાલવા જાવું છે મારે, મેળે મ્હાલવા જાવું છે $ પ્રમાણે.**



નંદિની ત્રિવેદી

# દાંડિયાક્વીન ફાલ્ગુની પાઠક

ડાઉન ટાઉનની એક પંચતારક હોટલની રેસ્ટોરાંમાં ઇન્તઝાર થઈ રહ્યો છે દાંડિયાક્વીન ફાલ્ગુની પાઠકનો. બપોરે એક વાગે મળવાનું નક્કી કર્યું છે. એક વાગે જ એમનો ફોન આવે છે, 'બસ પાંચ મિનિટમાં પહોચું છું' એ પાંચ મિનિટના ઇન્તઝારમાં યુવાપેઢીને ઘેલું લગાડનાર ગરબાસામ્રાજ્ઞી વિશે મનમાં એક આખું વાતાવરણ રચાઈ ગયું છે. વિશાળ ગ્રાઉન્ડમાં ફાલ્ગુનીના અવાજનો જબરજસ્ત કરિશ્મા, સુમધુર કંઠ, રીધમિક ગીત-ગરબાના સહારે ઝૂમતું વિશાળ ઑડિયન્સ અને હેલે ચડેલું યૌવન! લાખો લોકોને પોતાના મીઠા અવાજના જાદુથી ડોલાવતી ફાલ્ગુની પાઠકની ઈમેજ એક બિન્ધાસ્ત, બોલ્ડ અને મસ્તીભરી છોકરીની જ કોઈનાય મગજમાં હોય. પરંતુ, ફાલ્ગુનીના આગમન સાથે જ એ ઈમેજ ખંડિત થઈ જાય છે. નમણો-ક્યૂટ ચહેરો, જરાક અમસ્તું સ્મિત, થોડીક લજ્જા, અસામાન્ય પ્રતિભા હોવા છતાં તદ્દન સામાન્ય અને સરળસહજ વર્તન તથા સમગ્ર વ્યક્તિત્વમાંથી પ્રગટ થતી મૃદુતા! ફાલ્ગુની પાઠક આટલી શરમાળ હોઈ શકે? એવો વિચાર ઝબકી જાય છે.

આલબમની નિર્દોષ ચહેરાવાળી મૉડલ્સ સાથે ફાલ્ગુનીનો અનોખો અંદાજ લોકોને ગમવા લાગ્યો. અત્યાર સુધીમાં એમનાં ઘણાં આલબમ્સ બહાર પડ્યાં છે. ૨૦૦૦ની સાલમાં 'મૈંને પાયલ હૈ છનકાઈ' માટે એમને એમટીવીનો વિડિયો મ્યુઝિક ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે તેમજ તેમનું 'ઓ પિયા' પણ ખાસ્સું લોકપ્રિય રહ્યું છે. આજની આપણી સંગીતસફરમાં ગુજરાતી દાંડિયાને આંતરરાષ્ટ્રીય અને એક જુદા જ સ્તર પર મૂકનાર ફાલ્ગુની પાઠક આપણાં હમસફર છે.



**તમારું ફેમિલી બૅકગ્રાઉન્ડ?**

અમારા કુટુંબમાં લગભગ બધા જ ગાય છે. મારાં મમ્મી-પપ્પા બન્ને બહુ સરસ ગાઈ શકે. મારી એક બહેન પણ સુંદર ગાય છે. જોકે તેઓ વ્યવસાયિક કલાકારો નહોતાં. પણ ઘરમાં રેડિયો હંમેશાં ચાલુ હોય. એટલે એના પર આવતાં ગીતો, સંગીતના અન્ય કાર્યક્રમો સાંભળીને જ હું મોટી થઈ હતી. નૅવિના એક કાર્યક્રમમાં ઉદયગિરિ શિપ પર મેં પહેલવહેલું ગીત 'લૈલા મૈં લૈલા...' ગાયું હતું...

**તમે સંગીતની તાલીમ લીધી છે? શાસ્ત્રીય સંગીત શીખ્યાં છો?**

સંગીતની તાલીમ લેવાનું મેં બહુ મોડું શરૂ કર્યું અને એ વાતનો મને ખૂબ રંજ છે. હું છેલ્લાં પાંચ વર્ષથી ભવદીપ જયપુરવાલે પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી છે. શરૂઆતમાં મધુસૂદન ટિમોથી પાસે સંગીત શીખવાનું શરૂ કર્યું હતું.

**તો પાંચ વર્ષ પહેલાંની અને અત્યારની તમારી ગાયકીમાં ફરક પડ્યો છે?**

હા. સંગીત શીખવાનું શરૂ કર્યા પછી સૂરની સમજ વિકસી છે. પહેલાં તો મને એવી કંઈ ખાસ ખબર પડતી નહોતી. અવાજ કુદરતી રીતે જ સુરીલો હતો તેથી સાંભળીને સાચું ગાવાની કોશિશ કરતી. સૂરની સમજ વિકસ્યા પછી સભાનપણે સારું અને સાચું ગવાય છે.

**કોણે તમારી પ્રતિભા પારખી?**

ઑડિયન્સે. પહેલા હું નાનાં નાનાં ઑરકેસ્ટ્રામાં ફિલ્મી ગીતો ગાતી. એ પછી રૂપકલા ઑરકેસ્ટ્રામાં જોડાઈ. લોકોને જ મારો અવાજ અને શૈલી પસંદ આવવા લાગ્યા એક વાર રૂપકલા દ્વારા જોલી જિમખાનામાં નવરાત્રિનું આયોજન થયું હતું. તેમાં મોટા ભાગે તો વાદ્યવૃંદ સાથે જ લોકો રમતાં. પણ

મને એક ગરબો ગાવા કહેવામાં આવ્યું ને મેં **'ઝૂલણ મોરલી'** ગરબો ગાયો. બહુ વખણાયો અને પછી નવેનવ દિવસ મને એક ગરબો ગાવાની તક મળી જે બીજા કોઈને તે વખતે નહોતી મળતી.

**તમારી પહેલીવહેલી હિટ નવરાત્રિ કઈ?**
રૂપકલા પછી હું બીટર્સ સાથે જોડાઈ. બીટર્સ દ્વારા સાયનની ક્રિશ્નાલય સોસાયટીમાં નવરાત્રિનું આયોજન થયું હતું. ત્યાંથી મારી લોકપ્રિયતા વધવા લાગી હતી. પછી તો અવંતિ, બાલકન જી બારી સહિત અનેક જગ્યાએ દાંડિયા હિટ થવા લાગ્યા હતા.



બીટર્સમાં એ વખતે કિશોર મનરાજા હતા, એમની પાસેથી ઘણું શીખવા મળ્યું. સૌરાષ્ટ્રના સ્થાનિક કલાકારોની કેસેટ્સ સાંભળીને પણ લોકગીતોનો લહેકો આત્મસાત્ કર્યો.

**એ સમયગાળામાં તમારે સંઘર્ષ કરવો પડ્યો હતો?**
હું સ્કૂલમાં હતી ત્યારથી મેં ગાવાનુ શરૂ કર્યું હતું. કેટલીય વાર સવાર સુધી રિહર્સલ્સ ચાલતાં હોય કે મોડી રાત સુધી પ્રોગ્રામ્સ હોય, તો ઘણીવાર રિહર્સલ્સમાંથી કે પ્રોગ્રામમાંથી સવારે સીધા સ્કૂલમાં જવું પડે. એ વખતે પુરસ્કાર રૂપે માત્ર ૨૦-૨૫ રૂપિયા મળતા. અમારી આર્થિક સ્થિતિ બહુ સારી નહીં. ટ્રેન કે બસમાં આવવા જવાનું તે કેટલીક વાર તો આયોજકો સાથે ટેમ્પોમાં પણ આવવું પડે. મારા પપ્પાને પણ હું સંગીતક્ષેત્રે કારકિર્દી બનાવું તે બહુ પસંદ નહીં. છતાં, સંગીતમાં રસ એટલો ઊંડો હતો કે સંઘર્ષ એ ક્યારેય સંઘર્ષ લાગ્યો જ નહોતો.

**તમે આખી દુનિયાના તમામ વયજૂથના લોકોને તમારાં ગીતો પર ઝૂમતાં કર્યા છે. એવું શું ખાસ છે તમારા વ્યક્તિત્વ કે ગાયકીમાં?**
મહેનત, કામ પ્રત્યેની નિષ્ઠા અને સંગીતમાં ઊંડો રસ. મારું સૌથી પહેલું લક્ષ્ય એ છે કે મારા કાર્યક્રમમાં આવતી એક પણ વ્યક્તિ નિરાશ ન થવી જોઈએ. એ માટે જેટલી મહેનત કરવી પડે એ કરું છું.

**તમારા સંગીતનું-ગાયકીનું જમા-ઉધાર પાસું કયું?**
જમા પાસું તો એ કે હું લોકોનો મૂડ પારખીને એમને મહત્તમ આનંદ મળે એ રીતે ગાઈ શકું છું. મારો અવાજ ૮૦ ટકા કુદરતી છે અને ૨૦ ટકા સંગીત મેં શીખીને આત્મસાત્ કર્યું છે. એટલે સફળતા ઈશ્વરીકૃપાનું જ પરિણામ કહેવાય. ઉધાર પાસું એ કે શાસ્ત્રીય સંગીત શીખવાનું મેં બહુ મોડું શરૂ કર્યું એટલે સંગીતવિષયક જ્ઞાન જેટલું હોવું જોઈએ એના કરતાં થોડું ઓછું છે. નાનપણથી જ એ જ્ઞાન હું મેળવી ચૂકી હોત તો કદાચ હજુ વધારે સારું, વધારે વૈવિધ્યપૂર્ણ ગાઈ શકત.

**તમને એવું નથી લાગતું કે તમે દાંડિયાક્વીનની એક ચોક્કસ ઈમેજમાં બંધાઈ ગયાં છો? સંગીતનાં અન્ય સ્વરૂપો-ગઝલ, ગીત, ભજન ઈત્યાદિ ગાવાની ઈચ્છા થાય?**

**દર વર્ષે તમે એક નવું હીટ ગીત આપો છે. એ માટેની તૈયારીમાં કેટલો સમય લાગે? તમે કમ્પોઝ કરો છો? ગીતના શબ્દોથી માર્કેટિંગ સુધીની પ્રક્રિયા વિશે જણાવો.**
એક સરસ ગીત આપવામાં લગભગ છ મહિના જેટલો સમય જાય. પહેલાં ટ્યુન બને પછી એમાં શબ્દો ઉમેરાય. મારાં ગીતોનું સંગીત મોટે ભાગે લલિત સેને આપ્યું છે અને શબ્દો સમીર, સાહિર લુધિયાનવી ઈત્યાદિના ઉપયોગમાં લેવાયા છે. હું પોતે તો કમ્પોઝ કરતી નથી પણ જુદી જુદી ધૂન મને સંભળાવવામાં આવે એમાંથી હું એક ધૂન પસંદ કરું અને પછી એ પ્રમાણે ગીત લખવામાં આવે. ક્યારેક તૈયાર ગીતને પણ જુદી રીતે સ્વરબદ્ધ કરીને મેં ગાયું છે. જેમકે યાદ પિયા કી આને લગી...બહુ જૂનું રાજસ્થાની લોકગીત છે, એમાં વેરિએશન્સ ઉમેરીને મેં મારી સ્ટાઈલ પ્રમાણે ગાયું છે. માર્કેટિંગ માટે તો એક આખો અલગ વિભાગ છે એ એમનું કામ કર્યા કરે.

ઇન્ડિપૉપનાં મારાં આલબમ્સ આવ્યાં પછી દાંડિયાક્વીનની મારી ઇમેજ બદલાઈ ગઈ છે. મને લોકો ઇન્ડિપૉપ સિંગર તરીકે ઓળખે છે. ઉપરાંત નવરાત્રિ સિવાય વર્ષ દરમિયાન મારા જે કાર્યક્રમ યોજાય છે, એમાં હું ગઝલ, જૂનાં ફિલ્મી ગીતો, સુગમસંગીત કે ભજન ઇત્યાદિ ગાવાની ઇચ્છા પૂરી કરી લઉં છું. પરંપરાગત ભજનોની મારી કૅસેટ પણ ઉપલબ્ધ છે. હવેલીમાં, મંદિરમાં હું નિઃશુલ્ક કાર્યક્રમો આપું છું. હવે મેં હોળીના કાર્યક્રમો પણ શરૂ કર્યા છે, જેમાં હોળી ગીતો, રસિયા એટલે વ્રજ, મથુરા, શ્રીનાથજી, બરસાના જેવા વૈષ્ણવોનાં યાત્રાધામોમાં વસંતપંચમીથી લઈને ૪૦ દિવસ સુધી ભગવાનને હોળી રમાડવામાં આવે છે અને એ સંબંધી ગોપી–કૃષ્ણ, રાધા–કૃષ્ણનાં ગીતો ગવાય એને રસિયા કહેવાય છે. હોળીના એ કાર્યક્રમો પણ હવે ખાસ્સાં લોકપ્રિય થવા માંડ્યા છે.

**સુગમ સંગીત વિશે તમારો શું ખ્યાલ છે? કોનાં ગીતો તમે વધારે ગાઓ છો?**

સંગીતનો એ એક અલાયદો પ્રકાર છે અને મને ગમે છે. અવિનાશ વ્યાસ, પુરુષોત્તમ ઉપાધ્યાય જેવા કેટલાક સંગીતકારોનાં ગીતો મેં ગાયાં છે. ખાસ કરીને આશા ભોંસલેએ ગાયેલાં ગુજરાતી ગીતો જેવાં કે **છેલાજી રે, ઊંચી તલાવડી** ખૂબ પસંદ છે અને એવાં ગીતો હું વધારે ગાઉં છું.

> મહેનત, કામ પ્રત્યેની નિષ્ઠા અને સંગીતમાં ઊંડો રસ. મારું સૌથી પહેલું લક્ષ્ય એ છે કે મારા કાર્યક્રમમાં આવતી એક પણ વ્યક્તિ નિરાશ ન થવી જોઈએ. એ માટે જેટલી મહેનત કરવી પડે એ કરું છું.

**સુગમ સંગીત તરફ વધુ ને વધુ લોકો આકર્ષાય એ માટે એને આધુનિક સ્પર્શ આપી શકાય?**

ગુજરાતી ગીતના મૂળ તત્ત્વ–સત્ત્વને ટકાવી રાખી, એની ફ્લેવર જાળવી રાખીને જમાનાને અનુરૂપ આધુનિક સ્પર્શ જરૂર આપી શકાય.



**તમે રિમિક્સ ગાયાં છે?**

ના. બહુ સુંદર જૂનાં ફિલ્મી ગીતો રિમિક્સમાં જે બેહૂદી રીતે ગવાય છે અને જે રીતે રજૂ થાય છે એ જોઈને દુઃખ થાય છે.

**તમને રિમિક્સ ગાવા માટે બહુ મોટી ઑફર મળે તો તમે ગાઓ?**

રિમિક્સ નહીં પણ રીમેક કરવામાં આવે તો કદાચ ગાઉં. બૉમ્બે વાઇકિંગમાં નીરજે એક જૂનું ગીત **વો તેરે પ્યાર કા ગમ** સરસ રીતે રીમેક કર્યું હતું જે મેં ગાયું છે. એવી કોઈક તક મળે તો ગાઉં બાકી નહીં.

**હિન્દી ફિલ્મોમાં પ્લેબેક માટે પ્રયત્ન કરો છો? કયાં ફિલ્મી ગીતો ગાયાં છે?**

હિન્દી પ્લેબેક ક્ષેત્રે મેં બહુ ધ્યાન નથી આપ્યું કારણ કે આખું વર્ષ દેશ–વિદેશમાં મારા શો ચાલ્યા કરતા હોવાથી પ્લેબેકની ઑફર આવે



તો મારે એ શો કૅન્સલ કરવા પડે. જો કે, મેં ‘ના તુમ જાનો ના હમ’ અને ‘ઘાત’ જેવી બે-ત્રણ ફિલ્મોમાં ગાયું છે.



**કોઈ મહત્ત્વાકાંક્ષા?**

બંધિયારપણું ન ગમે. હંમેશાં નવું કાર્ય કરવું પસંદ આવે. આશા ભોંસલે સાથે ગાવાની ખાસ ઈચ્છા છે. એમની સાથે શક્ય બને તો એક આલબમ કરવું છે. □


DAIKIN
AIR CONDITIONERS

LG

Authorised Sales & Service Dealer



• HI WALL UNITS
• CASSETTE UNITS
• VRV SYSTEMS
• DUCTABLE UNITS

SPOT DELIVERY

FS Future Solutions
Airconditioning Solutions for the Future

079-26746605/06, 9825306605

DISLAY GALLERY

at jyoti Plaza, Upper Level, Shyamal Cross Roads, Satellite, Ahmedabad.
" Hani House" Ground Floor, Behind Oriental Bank of Commerce, Shyamal Char Rasta, Satellite Ahmedabad.E-mail: futursoluindia@gmail.com

SPECIAL DISCOUNT FOR SWAR SETU

## વિચારતાર



તુષાર શુક્લ

# જય આદ્યાશક્તિ....
# જયો જયો મા જગદંબે

શક્તિ આરાધનાના પવિત્ર પર્વ નિમિત્તે ગુજરાતના ગરવા લોકનૃત્ય ગરબાની રમઝટની વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવ તરીકે ઓળખ હવે દૃઢ થઈ ગઈ છે. ગરબાની રજૂઆત તો નવ દિવસની (ને ક્યાંક વળી શરદપૂનમ સુધીની) હતી જ. પણ એનું 'વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવ' તરીકેનું Branding થયું. ત્યારે એણે આટલા વર્ષોથી ગરબે ઘૂમનારનું ય ધ્યાન ખેંચ્યું અને ગૌરવબોધ કરાવ્યો.

આ માર્કેટિંગની કલા છે. એક ઉત્સવને 'પ્રોડક્ટ' તરીકે વિશ્વના સ્પર્ધાત્મક બજારમાં મૂકવા માટે એનું આવું 'બ્રાન્ડિંગ' જરૂરી હતું. આ વિશેષતાને કારણે એ જગતનું ધ્યાન ખેંચે, મુલાકાતીઓને આકર્ષે અને ટુરીઝમનું બજાર ધમધમે. મુલાકાતીઓ આવે તેની સાથે આનુષંગિક નાના–મોટા અનેક વ્યવસાયોમાં તેજી આવે. રોજીની તક ઊભી થાય. નવરાત્રિ ઉત્સવ તો હતો એનો એ જ છે, પણ આ નવા બ્રાન્ડિંગે એને નવી ઓળખ આપી... વૈશ્વિક સ્તરે એનો મહિમા કર્યો.

માર્કેટિંગની આ રીત 'એડમેન'ની જાહેરાત કલાનો પરિપાક છે. આ જમાનો જાહેરાતનો છે. જાહેરાત દ્વારા ધંધા વ્યવસાયમાં વધારો થાય છે. સારૂ પેકેજિંગ ગ્રાહકને આકર્ષે છે. આ ક્ષેત્રના નિષ્ણાતો પદ્ધતિસરની વ્યૂહરચના (સ્ટ્રેટેજી)ની મદદથી ધાર્યું નિશાન પાડે છે. નવરાત્રિના તહેવારને પણ એનો લાભ મળ્યો છે. વસ્ત્રો અને અલંકાર ઉપરાંત સુશોભન, ધ્વનિ–પ્રકાશ, સુરક્ષા જેવી અનેક બાબતો એની સાથે સંકળાયેલી છે. પૂજાપો અને પ્રસાદ પણ એમાં આવે! આ તમામ ક્ષેત્રે સ્પર્ધા અને ભાવતાલની ખેંચતાણ સાથે માલની ગુણવત્તા બાબતે વિશેષતા (કે સમાધાન) જેવા મુદ્દા પણ એમાં આવી જાય. વર્ષોનો



પરંપરાગત તહેવાર આજે તેની ઉજવણી સંદર્ભે નવા નવા માર્કેટ સર કરી રહ્યો છે.

આ ઉપરાંત આ ક્ષેત્રમાં ગાયકો અને વાદ્યકારો બાબતે પણ આ માર્કેટિંગની અને એડવર્ટાઈઝિંગની કલાનો આશરો લેવાય છે. વિવિધ સંસ્થાઓ પોતાના રાસ–ગરબા મહોત્સવના આયોજનમાં વધુ ને વધુ લોકોને આકર્ષવા માંગે છે. એમાં જ એમનો વ્યાવસાયિક લાભ છે. એટલે એ પોતાના આયોજનમાં સામેલ કલાકારો બાબતે આગોતરી જાહેરાત કરે છે.

એ જ રીતે, કલાકારો સ્વયમ્ પણ પોતાની જાહેરાત કરે છે. અખબારોમાં આવી જાહેરાતો સતત ચમકતી રહે છે. કામ વધ્યું છે, કાર્યક્રમોનો સ્થળ–વિસ્તાર પણ વધ્યો છે. એટલે કલાકારો પણ વધ્યા છે. સૌની વચ્ચે કામ મેળવવા અને સારું મહેનતાણું મેળવવાની હરીફાઈ છે. આવા સમયે જાહેરાત જરૂરી બને છે. કલાકારો પણ વિવિધ રીતે

**એક ઉત્સવને 'પ્રોડક્ટ' તરીકે વિશ્વના સ્પર્ધાત્મક બજારમાં મૂકવા માટે એનું આવું 'બ્રાન્ડિંગ' જરૂરી હતું. આ વિશેષતાને કારણે એ જગતનું ધ્યાન ખેંચે, મુલાકાતીઓને આકર્ષે અને ટુરીઝમનું બજાર ધમધમે. મુલાકાતીઓ આવે તેની સાથે આનુષંગિક નાના–મોટા અનેક વ્યવસાયોમાં તેજી આવે. રોજીની તક ઊભી થાય. નવરાત્રિ ઉત્સવ તો હતો એનો એ જ છે, પણ આ નવા બ્રાન્ડિંગે એને નવી ઓળખ આપી... વૈશ્વિક સ્તરે એનો મહિમા કર્યો.**

જાહેરાત કરે છે. છાપાં, ચોપાનિયાં, હોર્ડિંગ કે પોસ્ટર વડે કે પોતાના કાર્યક્રમોમાં પોતાના વિશે વાત કરીને!

આવા પ્રચાર–પ્રસારની જરૂર છે જ...પણ, આ કલા વિવેકની કલા પણ છે, પોતાના વિશે કહેવાનું હોય ત્યારે તો ખાસ. પરંતુ, ક્યારેક આવી જાહેરાતમાં અતિરેક થતો ય અનુભવાય. પોતાને 'વેચવા'ના ઉતાવળભર્યા ઉત્સાહમાં કેટલીકવાર પ્રમાણભાન નથી જળવાતું. ક્યારેક હાસ્યાસ્પદ Tall Claims થાય છે, પોતાના વિશે વિશેષણોની ભરમાર કરતી વખતે એ વિશેષણના અર્થ વિશેષનું અજ્ઞાન પણ દેખાય. તો વળી ક્યારેક પોતાની છબી રચવાનો સભાન પ્રયાસ પણ હોય. તો વળી ક્યારેક નર્યો અતિરેક! કેટલા કલાકારો કોકિલ ને કોકિલા? કિન્નરી ને ગંધર્વો? સમ્રાટ ને સમ્રાજ્ઞી? કેટલી રજૂઆતો ભવ્ય અને અભૂતપૂર્વ? જોરદાર અને જાજરમાન? અદ્‌ભુત અને અદ્વિતીય? કેટલું લોકલાગણીને માન? કેટલાને પ્રચંડ પ્રતિસાદ?

ભાષા 'વાપરવા' માટે નથી, 'ઉપયોગ'માં લેવા માટે છે. દરેક સેલ્સમેન પોતાનો 'માલ વેચવા' પ્રયત્નશીલ હોય જ, એણે હોવું જ જોઈએ, પણ એણે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે માલની અસલિયત શું છે? માલ વિશે ક્યાં અને કોની આગળ વાત કરે છે? મેડિકલ રીપ્રેઝન્ટેટીવ પોતાની કંપનીની દવા વિશે ડૉક્ટર આગળ વાત કરે છે પણ એ ભૂલે કે સામે ડૉક્ટર છે, ત્યારે રજૂઆત હાસ્યાસ્પદ બને છે. કેટલીક રજૂઆત રસહીન હોય છે, શુષ્ક હોય છે, તો કેટલીક રૂટિન! કેટલીક રજૂઆતમાં વધુ પડતા મોટા (ક્યારેક અસંભવ) દાવા હોય છે, તો ક્યારેક અપ્રામાણિક અને સત્યથી વેગળા હોય છે. રજૂ થયેલા દાવાને કોઈ જ આધાર નથી હોતો. આવા પોકળ દાવા જ્યારે પડકારાય અને જૂઠ પકડાય છે અને પોલ ખૂલે ત્યારે સ્થિતિ ક્ષોભજનક બની જાય છે. જો કે આપણે ત્યાં જાહેરાતોની સચ્ચાઈ ચકાસાતી નથી એટલે એની શક્યતા ઓછી રહે છે, એ ખરું. વળી ઘણા બધા લોકો જાહેરાતને જૂઠ માનીને ચાલે છે. જાહેરાતમાં કરાયેલ દાવા કે શબ્દજાળમાં એ ફસાતા નથી. કેટલાક એને હસી પણ નાખે છે. ત્રિકાળની જાણકારી ધરાવનાર અને તમામ સંકટનું નિવારણ કરવાની શક્તિ ધરાવતા હોવાની જાહેરાતમાં જ ૧૧૧/– રૂપિયામાં ત્રણ સવાલનો ઉલ્લેખ હોય છે. અન્યની કુંડળી જોનાર પોતાની સફળતાની આગાહી નથી કરી શકતા. દૈવી શક્તિ અને ઈશ્વરીય આશીર્વાદથી ચમત્કારનો દાવો કરનારે જાહેરખબરનો આશરો લઈને ગ્રાહક શોધીને પેટ ભરવું પડે છે. પોતાની ગાયન–વાદન કલાના ગુણગાન ગાનાર પોતાને સમર્થ ગાયક–વાદકો સાથે સરખાવે છે. જાણીતા કલાકારોના (ને એમની સાથેના) ફોટા છાપે છે. આ બધું આભાવર્તુળ શ્રોતાને આકર્ષવા માટે છે. પણ વક્રતા એ છે કે, કેટલીકવાર આવા કલાકારો પોતાને સાચેસાચ મહાન માનવા માંડે છે અને એમનો આ ભ્રમ એમના માટે ઘાતક પૂરવાર થાય છે. પોતે જે અસત્યને સત્ય માનવા માંડે છે એ જ્યારે નક્કર થપાટ બનીને વાગે છે ત્યારે એને સહન કરવા કે સામનો કરવાનું સામર્થ્ય નથી હોતું. આવા હતાશ કલાકારો પોતાની હતાશાને નશાના બંધાણી બની ભૂલવા મથે છે, અથવા તો આત્મશ્લાઘામાં રાચી અન્ય સફળ કલાકારોની ઈર્ષા અને નિંદામાં પડી જાય છે. અને એ રીતે પોતાની નિષ્ફળતાને ઢાંકવાના બહાના શોધે છે. પોતે સફળ ન થઈ શકવા પાછળ પોતાની જ કોઈ મર્યાદા હોવાનો સ્વીકાર ન કરી શકનારા કલાકારો પોતાની રહી–સહી કલાને પણ લૂણો લગાડે છે. આત્મવંચનના સામે આત્મનિરીક્ષણ જ એક માત્ર ઉપચાર છે. જાહેરખબરો છલકે છે, છેતરનારા છેતરી શકે છે, પણ એ અલ્પ સમય માટે. છીછરી અને સામાન્ય સ્તરની રજૂઆતને રંગબેરંગી વાઘાથી રૂપાળી બનાવી શકાતી નથી. હલકી રજૂઆતને મળતી દાદ પેટિયું રળાવી આપે પણ પ્રગતિ ન થાય.

એડવર્ટાઈઝિંગ અને માર્કેટિંગની મદદથી બજારમાં પોતાની હાજરી નોંધાવવા માંગનારે સંયમ રાખવો પણ એટલો જ જરૂરી છે. હાસ્યાસ્પદ અને અતિશયોક્તિ સભર, વિશેષણ મંડિત દાવાઓ કલાકારને હાનિ પહોંચાડે છે. પોતાની કલાની રજૂઆતના વધુ સારા અને ઉચ્ચ મોકાની શોધમાં હોય એમણે એનાથી બચવું જોઈએ. જાહેરાતની ભાષા સ્તર નક્કી કરે છે. શબ્દ, છળ, ચમત્કૃતિ, આંચકો આપવો વગેરે ધ્યાન ખેંચવામાં જરૂર સફળ થાય છે પણ, પોલ પણ ખોલી નાખે છે.

નવરાત્રિના ઢોલ વચ્ચે જાહેરાતના ઢોલ વાગી રહ્યા છે, સહુને સહુની પાત્રતા મુજબ મળે છે અને છેતરાનારા ફરીથી છેતરાતા નથી! □

> કલાકાર સામાન્ય હોય, કલા અસામાન્ય છે. અને કલાકારને પણ અસાધારણ સિદ્ધ કરવાનું સામર્થ્ય ધરાવે છે. પરંતુ એ માટે સાધના જોઈએ, પરિશ્રમ જોઈએ. આજે જે સફળ છે એમાંના કોઈને એમની સફળતા કોઈએ સોનેરી તાસક પર ભેટ નથી ધરી. આપણે એમની સફળતા જોઈએ છીએ, સાધનાથી, શ્રમથી અજાણ છીએ. સરખામણી દુઃખી જ કરે, સાધના સુખી કરે અને પોતાની પાત્રતાના તટસ્થ વિશ્લેષણ અને સ્વીકાર સંતોષી રાખે.

રેડ રાસ



નૈષધ પુરાણી

## રેડ રાસ-૩
## વ્હાલા થોડું રમતો થા!!

પહોંચી ગયા ભ'ઈ પહોંચી ગયા!!

આ વરસે સત્યાવીસના આંકડા સુધી પહોંચી ગયા... ગયા વરસે જ્યારે આ મેંગેઝીનમાં તમને પ્રોમિસ કર્યું હતું કે 'આવતા વરસે રેડ રાસની ત્રીજી સિઝન સાથે નવ તરી સત્યાવીસના આંકડા સુધી પહોંચી ગયા હોઈશું અને ત્યારે ફરી મળીશું'... તે આ વરસે સત્યાવીસ આંકડા સાથેના નવ નવાનક્કોર ગરબા સાથે રેડ રાસની ત્રીજી સીઝન લઈને અને ફરીથી આવી ગયા છીએ.

ગરબાના સાહિત્ય જગતમાં નવ નવાં ગરબા સાથે દર વર્ષે કંઈક નવું ઉમેરવાની ચાહત એ અમારી સૂરીલી ફિતરત બનતી જાય છે... એટલે રેડ રાસ–એકથી શરૂકરેલી સફર આ વરસે તેના ત્રીજા પગથિયે આવી પહોચી છે, ત્યારે રેડ રાસનો ઈતિહાસ નવા વાચકો માટે માત્ર જાણ સારું.

કંઈક જુદી રીતે નવરાત્રિ ઉજવવી છે તેવા વિચારના અંતે અમને રેડ એફ એમના કલસ્ટર પ્રોગ્રામીંગ હેડ અને અમારા બ્રેકફાસ્ટ શોના પ્રસિધ્ધ આર.જે. દેવકી તરફથી રેડ રાસનો આ સૂરીલો અને નવતર કોન્સેપ્ટ મળ્યો. ટીમે અને અમારા ઉપરી કર્તાહર્તાઓએ સહર્ષ સ્વીકારી લીધો અને પછી શરૂ થઈ ગરબાને નવી કલમથી પ્રસ્તુત કરવાની મથામણ. માર્ગદર્શન અને દિશાસૂચન મળ્યું કવિ તુષારભાઈ પાસેથી અને અમે પહોંચ્યા નવ કવિઓ પાસે નવા નવ ગરબાં લખાવવા અને એ નવા ગરબાને સ્વરબધ્ધ કર્યા શ્યામલભાઈ અને સૌમિલભાઈએ... નવરાત્રિ પર જ્યારે રેડ રાસ પહેલી વખત રજૂ થયો ત્યારે અમદાવાદ ઘેલું થયું અને અમારા લિસનર્સ અમારી પર જાણે કે વ્હાલથી વરસી પડ્યા. અભૂતપૂર્વ પ્રતિસાદ. બસ એ જ કારણ હતું કે રેડ રાસના બીજા વરસે એટલે કે ગયા વરસે અમે ફરી રેડ રાસ– સીઝન ૨ તરીકે રજૂ કરવાનું નક્કી કર્યું. ફરીથી એ જ વાત અને નવ નવા ગરબાનો ઉમેરો. નવના ઘડિયાનું બીજું પગથિયું– નવ દૂની અઢારની ગણતરીએ બે વર્ષના અંતે કુલ અઢાર નવા ગરબાનો ભગીરથ પ્રયત્ન અને નાનકડો સંતોષ... શ્રોતાઓનું અમને વધાવી લેવું અને જાણકારોનું અમારી પીઠ થાબડવું, એ બે મુખ્ય કારણોએ અમને ૨૦૧૨ના ત્રીજા વરસે પણ ગરબામાં નવના ઘડિયાનો સત્યાવીસનો આંક ગણવા અમને મજબૂર કર્યા અને અમે આવી પહોંચ્યા આ નવરાત્રિએ ફરી એકવાર રેડ રાસ–૩ સાથે.

રેડ રાસની દરેક સીઝને અમે નવી નવી ચુનૌતીઓને મળતાં રહ્યાં છીએ. પહેલાં વરસે મુખ્ય વિચારને બરાબર રીતે રજૂ કરવાની અને સમયસર બધું પાર પાડવાની જવાબદારી હતા તો બીજાં વરસે મૂળ પ્રૉડક્ટને એક નવા સ્તર પર લઈ જવાં માટે કવિઓ અને સ્વરકાર પાસે થોડું વધારે કાઢું કઢાવવાની સંસ્થાકીય ઈચ્છાને પૂરી કરવાની હતી... આ વરસે કંઈક અલગ મૂંઝવણે માથું પકડ્યું.




આ વરસે એક બાજુ ખૂબ જ આગોતરું આયોજન કરવું પડ્યું હતું કારણકે રેડ રાસના સ્વરકારો શ્યામલભાઈ અને સૌમિલભાઈને લગભગ દોઢ મહિનો તેમના અંગત કાર્યક્રમોના આયોજન સાથે વિદેશ પ્રવાસ ખેડવાનો હતો, તો બીજી બાજું અમારું આયોજન પણ આગોતરું એ અર્થમાં હતું કે, અમારે આ વખતે નવા કવિઓની કલમ સમાવવી હતી અને અમે તેમને ખૂબ અગાઉથી જાણ કરવા માંગતા હતા. જેથી તેઓ નિરાંતે લખી શકે અને તેમણે જે કંઈ પણ લખ્યું હોય તેને નિશ્ચિત રીતે

અનુકૂળ ન પડે તો, રીજેક્ટ કરી શકીએ અને તેમની પાસે રિ-રાઈટ કરાવી શકીએ.... પણ સરવાળે અમે આયોજનની 'ઉતાવળે'જ આવીને ઊભા હતાં. છતાં અમે ઘણાં નવાં કવિઓનો સંપર્ક કર્યો જ. ફેસબુક ક્રાંતિના કારણે હવે કવિ થવું કે કવિઓને શોધવું એટલું અઘરું નથી રહ્યું (જો કે કવિત્વ શોધવું હજીયે એટલું જ અઘરું છે.).. ફેસબુક પર ઘણાં એવા લોકોના અને કવિઓના સંપર્કમાં અમે આવ્યા જેમની કલમમાં કંઈક નોખું જણાયું... ફેસબુક સિવાય પણ કેટલાંક બીજા યુવા કવિઓના સંપર્કમાં પણ આવવાનું બન્યું... લગભગ વીસેક જેટલા જાણીતા-અજાણ્યા કવિઓને કહેણ મોકલવાનું નક્કી કર્યું... કહેવડાવ્યું. ઘણાં પાસેથી ના સાંભળવા મળી તો કેટલાકે અમને બીજા નામોના સરનામે જવાનું સૂચવ્યું, તો કેટલાકે અમને વ્હેતા મૂક્યા... અને કેટલાકે પ્રયત્ન કરવાનું નક્કી કર્યુ. નવી નવી કૃતિઓ આવતી ગઈ, વંચાતી ગઈ અને અમારી ચિંતાઓ વધતી ગઈ. હજી સુધી એક પણ કવિ પાસેથી એવી કૃતિ નહોતી મળી જે વાંચી... 'વાહ' નીકળી જાય... એટલે સરવાળે અમારા ટેબલ પર નકરી 'આહ' ભેગી થઈ ગઈ!! કેટલાક કવિઓ પાસેથી

**રેડ એફ.એમ.ના ક્લસ્ટર પ્રોગ્રામીંગ હેડ અને અમારા બ્રેકફાસ્ટ શોના પ્રસિદ્ધ આર.જે. દેવકી તરફથી રેડ રાસનો આ સૂરીલો અને નવતર કોન્સેપ્ટ મળ્યો. ટીમે અને અમારા ઉપરી કર્તાહર્તાઓએ સહર્ષ સ્વીકારી લીધો અને પછી શરૂ થઈ ગરબાને નવી કલમથી પ્રસ્તુત કરવાની મથામણ માર્ગદર્શન અને દિશાસૂચન મળ્યું કવિ તુષારભાઈ પાસેથી અને અમે પહોંચ્યા નવ કવિઓ પાસે નવા નવ ગરબા લખાવવા અને એ નવા ગરબાને સ્વરબધ્ધ કર્યા શ્યામલભાઈ અને સૌમિલભાઈએ...**

અમે બબ્બે-ત્રણ ત્રણ વાર લખાવ્યું પણ ન જામ્યું તે ન જ જામ્યું.. ક્યાંક લયના લોચાં, તો ક્યાંક સમજણનાં... ક્યાંક મીટર આઘુ પાછું. (તો ક્યાંક કેટલાકનું દિમાગ પણ આઘુપાછું લાગ્યું!!)... ક્યાંકથી માત્રને માત્ર લીલીછમ્મ કવિતા મળે 'ગરબો'નહિ.. આ બધ્ધા કિસ્સામાં અમારે 'ના' જ મોકલાવવી પડી. ઉદ્દેશ સાફ હતો, અમારે એવા ગરબા લખાવવા હતા જેમાં આજના સમયનો- આજના દસકાનો, આજના વરસનો મિજાજ અને માહોલ દેખાય (સંભળાય)... ગરબાએ જે તે સમયના સમાજજીવનનું ધબકતું નિરૂપણ છે. રેડ રાસની નિસ્બત માત્ર એટલી છે કે, આજના ગરબામાં આજના સમાજનું જીવન ઝીલાય... આજના ગુજરાતીની અને લાઈફ અને સ્ટાઈલ અને લાઈફસ્ટાઈલ અને તેની આજની સમજણ વિષેનું ડોક્યુમેન્ટેશન થાય... જેથી આવનારી પેઢીને આજના, ૨૦૧૨નો એક ડોક્યુમેન્ટેડ રેફરન્સ મળી શકે. માટે જ અમારે એવા વિષયો પર ગરબા કરવા હતા જેમાં ૨૦૧૨ના મુદ્દા મળી આવે. પણ અમારા આશ્ચર્ય વચ્ચે ઘણાં કવિઓને એ



ન ફાવ્યું. મોટાભાગના કવિઓએ સ્વીકાર્યું 'ગરબા લખવા આસાન નથી'... ખૂબ સરળતાથી જેની ઉપર આપણે આખી રાત નાચી લઈએ છીએ તે જગ્યાનું નિર્માણ જહેમત માંગી લે તેવું છે...(એ હિસાબે અત્યાર સુધી આટલા સુંદર ગરબાઓ આપણા માટે મૂકી જવા બદલ એ રચયિતાઓને શત શત વંદન...!!)

...પણ કેટલાંક કવિઓની કલમ કમાલ કરી ગઈ અને અમારા આ વખતના નવા ગરબામાં ડૉ. નીરજ મહેતા અને અનિલ ચાવડા જેવા નામો પણ ભળ્યાં અને અમારી નવા કવિઓ પાસેથી ગરબા લખાવવાની ચાહત વચ્ચે અમે ફરીથી અમારા જૂનાં ઓટલા પાસે આશરો માંગવા પહોંચી ગયા, નત મસ્તક. એટલે તેમની કલમનો અનુભવ આ વખતની ત્રીજી સિઝનમાં પણ છવાયો. અમે એવું પણ નક્કી કર્યું કે, અમારી ટીમના (કહેવાતા) કવિઓએ આ વખતે ના જ લખવું પણ પેલી 'ઉતાવળે' ફરીથી અમારો કોલર ઝાલ્યો અને અમે આ વખતે પણ ગરબો લખવાની હિંમત અને જુર્રત કરી. (કરવી પડી. છેવટે તો નોકરિયાત માણસ...બાપલિયા!!) અને એટલે હું અને ભાર્ગવ પુરોહિત-અમારી ટીમના કલાયન્ટ સોલ્યુશન હેડ!

આ વખતે કવિઓના નામોમાં કૃષ્ણ દવે જેવા માતબર કવિનો પણ અમે સમાવેશ કરી ચૂક્યાં છીએ એ વાતનો અમને ખૂબ આનંદ છે અને તેમણે એક ખૂબ ચોટદાર ગરબો લખ્યો છે, જે સાંભળતા સમજણની છઠ્ઠી ઈન્દ્રિય જાગૃત થઈ જાય છે. દર વખતની જેમ કવિઓ તુષાર શુક્લ, શ્યામલ મુનશી, વિનય દવે, રઈશ મનિઆરની અનુભવસિધ્ધ કલમે આ આલબમને 'કલા'ની શ્રેણીમાં મૂક્યું છે.

છેવટે બધું પહોંચ્યું શ્યામલભાઈ-સૌમિલભાઈ પાસે અને આ બંધુઓની કાબેલિયત તો જુઓ... ખૂબ જ ઓછા સમયમાં શ્રેષ્ઠ કામ. અમારા કોર્પોરેટ્સની ભાષામાં ટોટલ પ્રોફેશનલીઝમ એન્ડ ટોટલી ક્રિએટીવ-અ રૅર કોમ્બો.

ખૂબ જ ઓછા સમયમાં રેડ રાસ-૩ અમારી સામે પ્રગટ થઈ ચૂક્યું હતું. હવે શરૂ થઈ હતી તેને બધા સામે રજૂ કરવાની તડામાર તૈયારી. આ લખાય છે ત્યાં સુધી ઘણાં મોટાં આયોજનોનું પેપર વર્ક થઈ ચૂક્યું છે અને ઘણાં લોકો તેની શ્રેષ્ઠ રજૂઆત માટે દોડી રહ્યાં છે. ઘણાં મોટા નામો આ વખતે અમારી સાથે સંકળાઈ શકે છે જેનો અત્રે ઉલ્લેખ કરવો થોડું ઉતાવળિયું છે. પણ એ વાત ચોક્કસ છે કે રેડ રાસ-૩ આ વખતે ભવ્ય રીતે રજૂ થશે.. એવું ગાજશે કે તમારા કાનનો રસ્તો એ શોધી જ લેશે.

**ગરબાના સાહિત્ય જગતમાં નવ નવાં ગરબા સાથે દર વર્ષે કંઈક નવું ઉમેરવાની ચાહત એ અમારી સૂરીલી ફિતરત બનતી જાય છે... એટલે રેડ રાસ-એકથી શરુ કરેલી સફર આ વરસે તેના ત્રીજા પગથિયે આવી પહોચી છે**

રેડ રાસ એ હવે રેડ એફ.એમ.ની આગવી ઓળખ બની ચૂક્યું છે. જે અમારા માટે નિતાંત ગર્વનો વિષય છે. આ સપનું સાકાર થઈ દર વરસે તેની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. સાચુ કહું તો ગરબા ગાવાનો આવો આનંદ પહેલાં ક્યારેય ન'તો આવતો, નવરાત્રિની આટલી રાહ પહેલાં ક્યારેય નથી જોઈ!!

રેડ રાસ સાહિત્યના શ્રેષ્ઠ નમૂના તરીકે પ્રસ્તુત કરવાનો અમારો કોઈ દાવો નથી. રેડ



રાસ એ ગરબાના સાહિત્યમાં આજની વાત ઉમેરવાની અમારી નાનકડી ઈચ્છાને સાકાર કરવાનો ભગીરથ પ્રયાસ અને એ રીતે ગુજરાતી સાહિત્યની આછી પાતળી સેવા કરવાનો સંતોષ. બાકી તો રેડ રાસ-૩ ના ગરબાઓના વિષય વૈવિધ્ય વિષેનું વિવેચન તમારી ઉપર છોડું છું... આજના જીવનના દર્પણ જેવા મલ્ટીપ્લેક્સ, તમ્બાકુ-ગુટખા-માવો, વિઝા માટેની મમત, આજના યુથની પ્રવૃતિઓ અને તેમની ભાષામાં આસાનીથી ગોઠવાઈ ગયેલી ગાળ....આ બધું ગરબાના વિષયો તરીકે તમને કેટલું પસંદ પડે છે એ તમે નક્કી કરજો... અમારા માટે તો એ ૨૦૧૨ના ગુજરાતનો આયનો સાબિત થઈ રહ્યું છે જેમાં ક્યાંક ને ક્યાંક અમને અમારું પ્રતિબિંબ પણ દેખાયું છે. અને અમારા એ પ્રતિબિંબને સમજ્યા પછી અમે કમસેકમ અરીસાને ધોતાં રેહવાની નિરર્થક કોશિશ મૂકી દીધી છે. રેડ રાસ આજની છબી છે... આજના સમાજનો 'એંગલ'. આવતા વરસ સુધીમાં આ એંગલ ક્યાંથી ક્યાં ફરે છે એ જાણવા અમે નવ ચોક છત્રીસ ગણવાનાં જ છીએ ત્યાં સુધી મા અંબા સમજણની ફ્લેશ લાઈટથી આપણાં જીવનમાં અજવાળું કરતી રહે... ફરી મળીશું ત્યાં સુધી રેડ રાસ.. બજાતે રહો...



# પાર્ટીપ્લોટની બાજુના ફ્લેટમાં...

પાર્ટીપ્લોટની બાજુના ફ્લેટમાં શાંતિકાકાનું રહેઠાણ રે લોલ...
આવે આસોનો માસ અને જામે ત્યાં રાસ,થાય કાકાને ત્રાસ,
પડે નવ-નવ રાતની નિંદરમાં મોટું ભંગાણ રે લોલ_પાર્ટીપ્લોટ...

રોજ રોજ રાતના નવના ટકોરે જ્યાં ફૂંકાતો આરતીનો શંખ રે લોલ
કાકાના વયોવૃદ્ધ કાનોના પડદાને વાગે છે દર્દીલો ડંખ રે લોલ,
કાકા પથારીમાં કાયા લંબાવીને ટેવવશ આંખોને મીંચે રે લોલ,
પાંચ-સાત ઢોલીડા બાંયો ચડાવી ઢોલ ઉપર દાંડિયો ટીચે રે લોલ...
સાવ બેસુરા સાદ, વળી કર્કશ અવાજ, જાણે ગાતા યમરાજ,
એના જીવલેણ લલકારે શાંતિના ઊડી જતાં પ્રાણ રે લોલ_પાર્ટીપ્લોટ...

છાકટા જુવાનિયા કૂદ કૂદ ઉછળીને મસ્તીથી ગોળ ગોળ ઘૂમે રે લોલ
કાકા પથારીમાં પોતાની રોજિંદી નિંદરને માટે ઝઝૂમે રે લોલ
ઈન્દ્રાણી, બ્રહ્માણી, રુદ્રાણી, કલ્યાણી રોજ રોજ રમવાને આવતી રે લોલ
હજારો દેવીઓની સામે આ એકલી નિંદ્રાની દેવી ના ફાવતી રે લોલ
પેલો ગાયક પડછંદ, ગાય દૂહાને છંદ,એનો ઘાંટો બુલંદ,
તાર સપ્તકના સૂર એના ભીંતોને ભેદતા બાણ રે લોલ_પાર્ટીપ્લોટ...

ઢોલીની રીધમનો ટેમ્પો વધે ને પછી છોરા-છોરીને ચડે જુસ્સો રે લોલ,
ભીડ ઉપર ચીડ ચડે, જોશ ઉપર રોષ ચડે, કાકાને જુસ્સા પર ગુસ્સો રે લોલ
એક તરફ પ્લોટ ઉપર લોકોની ગરદીને, એક તરફ કોટ ઉપર દર્દી રે લોલ,
કાકીને તબિયતની ચિંતા છે કાકાને, નથી કોઈ મામૂલી શરદી રે લોલ...
રોજ ટીકડીઓ ખાય, રોજ વહેલા સુઈ જાય, આ ઉજાગરા ન થાય,
હાર્ટ નબળું છે કાકાનું લોહીનું રે ઊંચું દબાણ રે લોલ_પાર્ટીપ્લોટ...

- શ્યામલ મુનશી (રેડ રાસ-3)

# મોઢામાં માવો સે!

ઢાંડિયા ઉલાળે 'ને ઉલ્લાળે નેણ ક્રાંય બોલતો નથી...એલી, બોલ 'ને,
સજણ કેમ આવો સે?
ક્યાંથી બોલે ઈ, મોઢામાં માવો સે!

મેનકાની ઘોડચે કરું વાનાં ભાત-ભાતે
રીઝતો નથી કેમ એક્કેય વાતે?
વા'લશેરી થ્યો સે કો'ક બીજી હંગાથે
કે ગોગલ્સ ચઢાવ્યા સે એણે મધરાતે?
આંખ્યુમાં મસ્તી 'ને રાત્યું લપસતી શું લાગું અમસ્તી હું ઈને
આ મુંઓ શું બાવો સે?
નથી બાવો- પણ મોઢામાં માવો સે!

આમ સૂટ-બૂટમાં 'ને રોજ ટાપટીપમાં
આખ્યુંથી ચાખી મુંને એક-એક સિપમાં
મોતીડું જાણે કો'ક સચવાતું છીપમાં
એમ કાં'ક દાબ્યું'સે નીચેના લિપમાં
આપે જો સાથ એલી, મારે પણ વા'લપનો એકૂકો મીઠિરો ગરબો
ઈને હાર્યે ગાવો સે?
કેમ ગાશે ઈ? મોઢામાં માવો સે!

-ડૉ. નિરજ મહેતા (રેડ રાસ-૩)





# જોનારો નાગર લાલ રસિયો...

કેડમાં રૂમાલ લાલ ગજરામાં ફૂલ લાલ
જોનારો નાગર લાલ રસિયો

હરતો રે ફરતો જાણે ઢગલો ગુલાલનો
આંખ્યુંમાં મસ્તીનો દરિયો ગુલાલનો
તાંબા જેવું અંગ લાલ, મેંદીનો રંગ લાલ
જોનારો નાગર લાલ રસિયો

કૂમળી રે કાયા મારી રંગની કટોરી
ઊષા ને સંધ્યાનો રંગ લીધો ચોરી
હો લ્હેરણીયું લાલ લાલ, મોજડીયું લાલ લાલ
જોનારો નાગર લાલ રસિયો

પગલાંની પાનીઓ રંગમાં ઝબોળી
મેઘ રે ધનુને માથે રંગ દીધો ઢોળી
બોર જેવા લોચન લાલ, ભાલે કંકુ છે લાલ
જોનારો નાગર લાલ રસિયો

– અવિનાશ વ્યાસ

# આજ ગગનથી ચંદન...



આજ ગગનથી ચંદન ઢોળાય રે
સૈયર મને આસોના ભણકારા થાય
કોઈ આવતું ક્ષિતિજથી પરખાય રે
આછા આછા ચાંદનીના ચમકારા થાય-

આસમાની ઓઢણીમાં તારલા ઝબૂકતાં
ગરબે રમવા બિરદાળી જગે પગ મૂકતાં
માડી ગરબે ઘૂમે તાળીઓ વિંઝાય રે
કંઠે કંઠે કોયલના ટહુકા સંભળાય-

નોરતાની રાતડી પાવનકારી
એક એક ગોરી ઘૂમે કાયા શણગારી
એનું રૂપ ઘૂંઘટથી છલકાય રે
ઢળી ઢળી લોચનીયા છલકાય

- અવિનાશ વ્યાસ





# મારે ચાચરચોક...



ખમ્મા મા ખમ્મા મા જગને આલોક
રમવા આવો, માડી રમવા આવો
મારે ચાચર ચોક-

લખકોટિ દીવડાનો ગરબો કોરાવું
લળી લળી માવડીના ગીતડાં ગાવું
મનડાએ માંડ્યો છે જોગણનો જોગ
રમવા આવો, માડી રમવા આવો
મારે ચાચરચોક-


રઢિયાળી રાત, રઢિયાળી રાત
ગરબે ઘૂમો મારી બિરદાળી માત
સૂના લાગે માડી તારા ગબ્બર ગોખ
રમવા આવો, માડી રમવા આવો
મારે ચાચરચોક-


નવ નવરાત ને આસોનાં અજવાળાં
ગરબે ઘૂમે મારી માડીના મતવાલાં
ચરણે ધરે માને છપ્પન ભોગ
રમવા આવો, માડી રમવા આવો
મારે ચાચરચોક-






અમેરિકાની ધરતી પર યોજાયેલા કાર્યક્રમ 'ચાલો ગુજરાત'મા શ્યામલ-સૌમિલ અને આરતી મુનશી દ્વારા ગુજરાતી ગીત-સંગીતની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.







મોરારિબાપુએ 'સ્વરસેતુ'ના સ્ટોલની મુલાકાત લઈ અને સંગીત-સાહિત્યક્ષેત્રે શ્યામલ-સૌમિલની પ્રવૃતિને બિરદાવી હતી. તુષાર શુક્લ રચિત ગીત 'અમે સૌ ગુજરાતી, વિશ્વની મહાજાતિ, મુલાયમ હૈયું છે, વજ્રની છે છાતી' ચાલો ગુજરાતનું થીમ સોંગ હતું. જેને લોકોએ મનભરીને માણ્યું અને વખાણ્યું હતું. તો ડૉ. શ્યામલ મુનશીની કવિતાના વરસાદે પણ સૌને ભીંજવ્યા હતા.



ચિયર્સ...'યે દોસ્તી... હમ નહીં...'
હરીશ ભીમાણી અને તુષાર શુક્લ



ભીખુદાન ગઢવી અને હસમુખ પાટડિયાએ લોકસાહિત્યના કાર્યક્રમ દ્વારા લોકોને જકડી રાખ્યાં હતાં.




પાર્થિવ ગોહિલના કંઠનો જાદુ પણ છવાયો.



AIANA ની ટીમે રાત દિવસ એક કરીને 'ચાલો ગુજરાત'ને ભવ્ય સફળતા અપાવી. વિશ્વભરમાંથી આવેલા ગુજરાતીઓને આવકાર્યા.



રાસ ગરબે ઘૂમ્યા વિના પ્રસંગ થોડો પૂરો થાય! કલાકારોના કંઠે ગવાયેલા પરંપરાગત રાસ ગરબાએ રમઝટ જમાવી.



પૂજ્ય મોરારિબાપુ અને ભૂપેન્દ્ર પંડ્યાએ પણ ઉપસ્થિત રહી આર્શીવચન પાઠવ્યા.



'એ હાલો રમવાને...'પ્રાચી દેસાઈ પણ 'તાલીઓના તાલે...' ઝૂમી ઉઠી હતી





અમદાવાદના મંથન ગ્રુપ દ્વારા નૃત્યની રજૂઆત કરાઈ, તો શર્મન જોષી અને આર.જે. ધ્વનિતે 'છાશ વિથ છગન' દ્વારા સૌનું મનોરંજન કર્યું હતું.

## 'ચાલો ગુજરાત' તસવીરી ઝલક...

એસોસીયેશન ઓફ ઇન્ડિયન અમેરિકન ઈન નોર્થ અમેરિકા **(AIANA)** દ્વારા 'તૃતીય ચાલો ગુજરાત વિશ્વ ગુજરાતી સંમેલન'નું ભવ્ય આયોજન ૩૧ ઑગસ્ટથી ૨જી સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસ માટે અમેરિકાના ન્યુજર્સીના રેરીટન એક્સ્પો સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં 'ગુજરાત, ગુજરાતી અને ગુજરાતીઝ્મ' થીમ પર કલાકાર, લેખક, કવિ, સાહિત્યકાર વગેરે દ્વારા કાર્યક્રમો રજૂ કરાયા હતો.



કાર્યક્રમને માણી રહેલા હર્ષ બ્રહ્મભટ્ટ, પાર્થિવ પટેલ અને પરિમલ નથવાણી





કાજલ ઓઝા વૈદ્ય અને જય વસાવડાએ વૈશ્વિક સંદર્ભમાં આજની ગુજરાતી મહિલાની ભૂમિકા અંગે 'ચાલો ગુજરાત'ના મંચ પર ચર્ચા કરી હતી.



'ગુજરાતી ફિલ્મના ભાવિ' વિશે ચર્ચા કરતાં યુવા ડાયરેક્ટર અભિષેક જૈન



૮ સપ્ટેમ્બરના રોજ લાલુભાઈના ૬૦મા જન્મદિવસે મુકેશ અંબાણી, કોકિલા અંબાણી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે અનિલ અંબાણી અને ટીના અંબાણી પણ હાજર રહ્યાં હતાં.

## લાલુભાઈના મેળામાં આખું મલક ઊમટ્યું

નાટકને નિતાંત, નિરંતર, અવિરત અને અવિચલ પ્રેમ કરતા પ્રેક્ષકની ષષ્ઠિપૂર્તિને બિરદાવવા કળા, સંગીત, સાહિત્ય અને વ્યાપાર-વાણિજ્ય તમામ ક્ષેત્ર સાથે સંકળાયેલી ઘણી મોટી હસ્તીઓની ઉપસ્થિતિ અને પારાવાર પ્રેમ જોઈને કોઈને પણ એમ વિચાર આવે કે અગ્રણી બિઝનેસમેન લાલુભાઈએ પ્રેમની આટલી મોટી મૂડી કેવી રીતે સંપન્ન કરી હશે? લાલુભાઈના હુલામણા નામે જ ઓળખાતા અશોક મહેતાના ૬૦મા જન્મદિનને રંગેચંગે મનાવવા ૮ સપ્ટેમ્બરની સાંજે છ વાગ્યાથી જ તેજપાલનું વાતાવરણ રંગીન બનવા લાગ્યું હતું. મનપાંચમના મેળાના માહોલમાં, સંપૂર્ણ ગ્રામીણ પરિવેશમાં એક બાજુ મેંદી મુકાતી હતી, ચકરડી ને ફુગ્ગાવાળા વિહરતા હતા તો બીજી બાજુ અતિથિઓનું ભાવભર્યું સ્વાગત થઈ રહ્યું હતું. એક તરફ ચટપટી વાનગીઓની જ્યાફત મોંઘેરા મહેમાનો માણી રહ્યા હતા તો બીજી તરફ લાલુભાઈના જન્મદિનને વધાવવા રંગમંચ પર તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. ને બસ. થોડી વારમાં પડદો ખૂલ્યો.

રંગમંચ પર બે ખુરશીઓ છે, જેની રો નંબર 'એ' અને સીટ નંબર છે ૧૩ અને ૧૪. આખા નાટ્યજગતને ખબર છે કે લાલુભાઈ અને તેમનાં પત્ની રૂપા 'બાવરી'ની એ પરમેનન્ટ રિઝર્વ્ડ સીટ છે. પરંતુ, જન્મદિવસે લાલુભાઈને પ્રમોશન મળ્યું અને એમને રંગમંચ પર ગોઠવેલી સીટ નં. ૧૩માં બિરાજમાન કરવામાં આવ્યા. એક દિવસ પૂરતા લાલુભાઈ પ્રેક્ષક મટીને કલાકાર બની ગયા, તેમના પર તહોમતનામું મુકાયું, થોડી પસ્તાળ અને અઢળક પ્રેમ પણ દર્શાવાયો. રંગભૂમિના દિગ્ગજ કલાકારોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તેમના આ અદના પ્રેક્ષકની મજેદાર વાતો રજૂ કરી હતી. એમાંય અંબાણી પરિવારની ઉપસ્થિતિથી કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા હતા. કોકિલાબહેન અંબાણી, મુકેશ અંબાણી તથા અનિલ-ટીના અંબાણીએ સમગ્ર કાર્યક્રમને રસપૂર્વક માણ્યો હતો.

"આ લાલુભાઈના ડ્રેસ સેન્સ વિશે શું કહેવું? આજે જે ઝૂર્તો તેમણે પહેર્યો છે એવો કોઈ પાસે હોઈ શકે? ઉત્તમ પતિ, ઉત્તમ પિતા, ઉત્તમ મિત્ર અને સર્વોતમ માનવી.. રૂપાને આ બધું એક જ વ્યક્તિમાં એક સાથે કેવી રીતે મળી ગયું?" એવી હળવી ટકોર અભિનેત્રી કેતકી દવેએ કરી હતી અને સરિતા



જોષીનો શુભેચ્છા સંદેશ વાંચી સંભળાવ્યો હતો. સનત વ્યાસ, સંજય ગોરડિયા, કિરણ ભટ્ટ, રાજેન્દ્ર બુટાલા, અપરા મહેતા, અમી ત્રિવેદી, જે.ડી. સહિત રંગકર્મીઓએ લાલુભાઈની ખાસિયતો વર્ણવીને દર્શકોને જલસા કરાવ્યા હતા. પ્રોડ્યુસર સંજય ગોરડિયાએ બહુ સૂચક વાત કરી કે, નાટક ખરાબ હોય તોય લાલુભાઈ છેક સુધી બેસે ત્યારે અમને થાય કે જાણે પોલીયોગ્રસ્ત બાળકને કોઈ પંપાળી રહ્યું છે! અપરા મહેતાએ પણ ગુજરાતી રંગભૂમિને બિરદાવીને લાલુભાઈ જેવા સુજ્ઞ પ્રેક્ષક મળવા બદલ ગર્વ વ્યક્ત કર્યો હતો. રંગભૂમિના આ નવલા નજરાણાના મુખ્ય સૂત્રધાર હતા પચાસથી વધુ નાટકો ડિરેક્ટ કરનાર દિગદર્શક વિપુલ મહેતા. કાર્યક્રમનું સુંદર સંચાલન સ્નેહા દેસાઈ અને ચિરાગ વોરાએ કર્યું હતું. રંગભૂમિની પ્રસ્તુતિ પછી હસાયરો અને સંગીતનો મિક્સ-રિમિક્સ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ડૉ. તુષાર શાહ, હિતેન આનંદપરા, મુકેશ જોષી, મીનળ પટેલ, ઈત્યાદિએ ભાગ લીધો હતો અને ઉપસ્થિત મહેમાનનું ભરપૂર મનોરંજન કર્યું હતું.

**રંગભૂમિના દિગ્ગજ કલાકારોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તેમના આ અદના પ્રેક્ષકની મજેદાર વાતો રજૂ કરી હતી. એમાંય અંબાણી પરિવારની ઉપસ્થિતિથી કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા હતા. કોકિલાબહેન અંબાણી, મુકેશ અંબાણી તથા અનિલ-ટીના અંબાણીએ સમગ્ર કાર્યક્રમને રસપૂર્વક માણ્યો હતો.**

દરમિયાન, લાલુભાઈને ચાહતા અનેક કલાકારોએ વ્યક્ત કરેલી લાગણીને રજૂ કરતાં 'આયુષ્યમાન ભવ' ગ્રંથનું વિમોચન પણ કરવામાં આવ્યું. કહેવાય છે કે યૌવનની વૃદ્ધાવસ્થા એટલે ઉંમરનું પચાસમું વર્ષ અને વૃદ્ધાવસ્થાનું યૌવન એટલે સાઠમું વર્ષ. એ રીતે જોઈએ તો યુવાનીમાં પ્રવેશેલા લાલુભાઈના આ જલસા બાદ સૌના મુખે આ જ શબ્દો હતાઃ 'આયુષ્યમાન ભવ!' □

(સૌજન્યઃ જન્મભૂમિ)





જોરાવરસિંહ જાદવ

# ગરબા અને ગરબી, રાસ અને રાસડા

વિશ્વનો સૌથી લાંબો નૃત્યમહોત્સવ નવરાત્રિમાં આપણે નવે નવ દિવસ રાસ-ગરબા લઈએ છીએ, પરંતુ તેના પારંપારિક મહત્વને બહુ ઓછું જાણીએ છીએ. અહીંયા આપણે તે જાણવાનો પ્રયાસ કરીએ...



## ગરબો

ગરબો એ ગુજરાતના અતિ પ્રાચીન લોકપ્રિય નૃત્યનો એક પ્રકાર છે. ગરબો શક્તિપૂજાની સાથે સવિશેષ સંકળાયેલો છે. ગરબાની ઉત્પત્તિનું મૂળ દેવીપૂજા જ મનાય છે. ગરબો એટલે ઘણાં છિદ્રો પાડેલો માટીનો ઘડો. ઘડામાં છિદ્રો પડાવવા એને **ગરબો કોરાવવો** કહે છે. ગરબો શબ્દની ઉત્પતિ ગર્ભદીપમાંથી થઈ છે. 'ગર્ભદીપ'માંથી 'ગર્ભો'અને પછી 'ગરબો' થયું. ગર્ભ એટલે ઘડો. ઘડો એ બ્રહ્માંડની કલ્પના છે. તેમાં પ્રગટાવેલી દીપકની જ્યોત જીવનના સાતત્યની ઝાંખી કરાવે છે. આમ, ગરબો એ આદ્યશક્તિ જગતમાતા તરફના ભક્તિભાવનું પ્રતીક છે.

નોરતાંના નવે દિવસ ગુજરાતનાં ગામડાંઓ અને શહેરની શેરીઓ ગરબાથી ગુંજી ઊઠે છે. નોરતાં પ્રસંગે ઘરમાં જવારા વાવીને માતાજીની સ્થાપના કરવામાં આવે છે. ગરબામાં દીવો પ્રગટાવવામાં આવે છે. રાત વેળાએ ચોકમાં માતાજીનું સ્થાનક મૂકી સ્ત્રીઓ ફરતી ફરતી ગરબા ગાય છે. આ ગરબામાં મોટે ભાગે માતાજીની સ્તુતિ વિશેષ હોય છેઃ

**શંખલપુર સોહામણું રે,**
**આરાસુરી તે માનું ધામ મારી બહુચરા...**
**કુંભારી આવે મલપતો રે,**
**જોઈતા ગરબા લાવે મારી બહુચરા...**

ગરબામાં રાસની જેમ વાદ્યોનો ઉપયોગ ઓછો જોવા મળે છે. ક્યારેક ઢોલની સાથે શરણાઈ, કાંસીજોડા, ખંજરી, મંજીરા કે તબલાનો ઉપયોગ થતો પણ જોવા મળે છે. પ્રાચીન ગરબો માત્ર ઢોલ અને તાલીઓના તાલ સાથે જ રમાતો.



## ગરબી

ગરબો અને ગરબી બેય પ્રકારો નવરાત્રિના ઉત્સવ સાથે સંકળાયેલાં છે. ગરબો અને ગરબી બંને સંઘનૃત્યના પ્રકારો છે. ગરબો મોટે ભાગે સ્ત્રીઓ જ ગાય છે. ક્યારેક પુરુષો પણ એમાં જોડાય છે. જ્યારે ગરબી એ પુરુષો ગાય છે. મેઘાણીભાઈ નોંધે છે કે, 'પુરુષો ગરબી(લાકડાની માંડવડી)ની ચોગરદમ ગરબી મચાવતા ને કુદરડી ફરી લેતા. ગરબો એટલે છિદ્રોવાળો ઘડો. અને ગરબી એટલે 'લાકડાની માંડવડી' એવો અર્થ થાય.'

ગરબી એ પુરુષ-નૃત્યનો પ્રકાર છે. ગરબીમાં દાંડિયા, ઢોલ, નરઘાં ને મંજીરાનો ઉપયોગ થાય છે. રાસડાની જેમ ગરબીમાં નર્તનની વિવિધતા પ્રમાણમાં ઓછી જોવા મળે છે. ગરબી નોરતાં ઉપરાંત જન્માષ્ટમી, જળઝીલણી અગિયારસ જેવા ઉત્સવોના પ્રસંગે ગવાય છે. ગરબીને રાસ-નૃત્યનો

એક પ્રકાર જ ગણી શકાય. ગરબીનાં ગીતો પણ એટલાં જ જોમવંતાં જોવા મળે છે.:

**વા વાયા ને વાદળ ઊમટ્યાં**
**ગોકુળમાં ટહુક્યા મોર**
**મળવા આવો સુંદર વર શામળિયા.**

**રાસડાઃ**

લોકજીવનમાં ખૂબ જાણીતા એવા રાસ અને રાસડા વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે. સૌરાષ્ટ્રમાં મોટા ભાગે પુરુષો રાસ લે છે. (આ રાસને હલ્લસીક પણ કહી શકાય) જ્યારે સ્ત્રીઓ રાસડા લે છે. ઘણી જગ્યાએ સ્ત્રી–પુરુષો સાથે મળીને પણ લેતાં હોય છે. રાસડાએ તાલરાસકનો પ્રકાર છે. રાસમાં નૃત્યનું તત્ત્વ આગળ પડતું હોય છે. જ્યારે રાસડામાં સંગીતનું તત્ત્વ મોખરે રહે છે. સ્ત્રીઓમાં આજે એક તાલીના અને ત્રણ તાલીના રાસડા વધુ જાણીતા છે. રાસડા એ ગરબાના જેવો જ પ્રકાર છે. રાસ અને ગરબી એ પુરુષપ્રધાન છે, જ્યારે રાસડા નારીપ્રધાન છે. વ્રતોત્સવ પ્રસંગે, લગ્નપ્રસંગે, મેળાઓમાં, જન્માષ્ટમી, શરદપૂનમ પ્રસંગે, સ્ત્રીઓ રાસડાની રંગત જમાવે છે. રાસડામાં નારી હૃદયનાં ભાવો સરસ રીતે અભિવ્યક્ત થાય છે. રાસડાના ગીતનું વસ્તુ સામાજિક, ત્યાગ, બલિદાન, ટેક કે વીરતાનું હોય છે. રાધાકૃષ્ણનાં પ્રણયગીતો પણ રાસડામાં ખૂબ ગવાય છે.

કોળી અને ભરવાડ જાતિના રાસડામાં સ્ત્રી–પુરુષો સાથે જોડાય છે. સ્ત્રીઓ તાલીઓના તાલે કે ચપટી વગાડતી ઢોલ સાથે કે ઢોલ વિના રાસડે રમે છે. એક સ્ત્રી ગવરાવે છે અને બીજી ફરતી ફરતી ઝીલે છે. રાસમાં જેટલી વિવિધતા, તરલતા, જોમ અને જુસ્સો જોવા મળે છે તે રાસડામાં નજરે પડતો નથી. રાસડા એ લોકનારીના જીવનના આનંદ અને ઉલ્લાસને અભિવ્યક્ત કરવાનું માધ્યમ બની રહ્યું હોવાથી ધર્મની સાથે તેનો સંબંધ નહિવત્ જેવો છે. રાસડામાં રાસે રમનાર નારીઓનાં વસ્ત્રાભૂષણોનું પ્રાદેશિક વૈવિધ્ય આપણું ધ્યાન ખેંચે છે. લોકમેળામાં તો અઢારે વરણ રાસડે રમીને આનંદ લૂંટે છે. □



**ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે...**

ભાલપ્રદેશ અને કાઠિયાવાડમાં ગાગરની હીંચ તો ખૂબ જાણીતી છે. દાંડિયારાસ અને ગરબી લેનારા કોળીઓ હાથમાં મટકી લઈને સરસ હીંચ લે છે. વારતહેવારે કે પ્રસંગોપાત્ત સ્ત્રીઓ પણ હાથમાં ગાગર કે વટલોઈ લઈને ઢોલના તાલે તાલે હાથની વીંટીયું, રૂપાના કરડાં કે વેઢ વડે તાલ દઈને હવામાં ગાગર લઈને ઘૂમાવતી નવનવા અંગમરોડ દ્વારા હીંચને ચગાવે છે. રાત ભાંગે, ઢોલી થાકે પણ હીંચ લેનારી નારીયું નો થાકે એવી રંગત જામે, કચ્છની કોળી જાતિની સ્ત્રીઓ, વઢિયારની રજપૂતાણીઓ હાથમાં ગાગર લઈને ઢોલે રમતી રમતી હીંચ લે છે. ભાલપ્રદેશની હરિજન બહેનો હાથમાં બોઘરણાં ને મટકી લઈને કે ઘણી વાર થાળિયું લઈને અવળીસવળી ફેરવતી ફેરવતી હીંચમાં ચગે છે ત્યારે મનોહર દશ્ય ઊભું થાય છે. આ હીંચમાં ગીત નથી હોતું, ફક્ત ઢોલ અને ગાગરના તાલે હીંચ લેવાય છે. કોડીનાર તરફની કારડિયા રજપૂતની સ્ત્રીઓ માથે ત્રણત્રણ બેડાંની હેલ્ય લઈને ફરતી ફરતી હીંચ લે છે. નીચા નમી તાલીઓના તાલ સાથે ગાય છે. ભવાઈના વેશોમાં ભવાયા, નટ વગેરે માથે સાત–સાત બેડાં મૂકીને સુંદર મજાનાં ભવાઈનૃત્યો કરે છે.



સુરેશ દલાલની પરિકલ્પનાને સાકાર કરતી યોજનામાં એકસાથે ૧૧ અગ્રણી ગુજરાતી કવિઓના કાવ્યસંગ્રહના વિમોચન નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં (ડાબેથી) અપૂર્વ આશર, માધવ રામાનુજ, નિરંજન ભગત, ચિનુ મોદી, ચંદ્રકાંત શેઠ, જવાહર બક્ષી, લાભશંકર ઠાકર, રાજેન્દ્ર શુક્લ, હિતેન આનંદપરા.

## એક સાથે ૧૧ અગ્રણી કવિઓના સંગ્રહોનું વિમોચન

'આ ક્ષણથી ૧૧ કાવ્યસંગ્રહો ભાવકની સૃષ્ટિમાં પ્રવેશ કરે છે'. નિરંજન ભગતે ઉચ્ચારેલા આ શબ્દો સાથે જ સભાગૃહમાં ઉપસ્થિત આમંત્રિતોએ ગુજરાતી સાહિત્યની એક વિરલ ઘટનાને તાળીઓથી વધાવી લીધી હતી. પ્રસંગ હતો સુરેશ દલાલની પરિકલ્પનાને સાકાર કરતી યોજનામાં એક સાથે ૧૧ અગ્રણી ગુજરાતી કવિઓ ઉપસ્થિત થયા એ અર્થમાં આ ઘટના વિરલ બની રહી. અપૂર્વ આશરની સજાવટ અને વિવેક દેસાઇએ પાડેલી કવિઓની તસવીરોથી આ સંગ્રહો દીપી ઉઠ્યા. શનિવાર ૧૫ સપ્ટેમ્બરે અમદાવાદના સ્પોર્ટ્સ ક્લબના બૅન્ક્વેટ હૉલમાં આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત સાત કવિઓએ કાવ્યપઠન કરી સાંજને યાદગાર બનાવી દીધી. નિરંજન ભગતે ૮૫ અને ૮૬મે જન્મદિને રચેલા કાવ્યો રજૂ કર્યા તો લાભશંકર ઠાકરે તો 'હું ચડી રહ્યો છું પગથિયા' અને 'કવિવર ગપ્પા કેમ મારો છો' કાવ્યોનું ભાવવાહી પઠન કર્યું. ભીતરની અનુભૂતિ કરાવતા ચંદ્રકાંત શેઠે 'ચલો

**નિરંજન ભગતે ૮૫ અને ૮૬મે જન્મદિને રચેલા કાવ્યો રજૂ કર્યા તો લાભશંકર ઠાકરે તો 'હું ચડી રહ્યો છું પગથિયા' અને 'કવિવર ગપ્પા કેમ મારો છો' કાવ્યોનું ભાવવાહી પઠન કર્યું.**

આપણે અંદર જઇએ ચાલો આપણે બહાર' ગીત તથા 'સ્ટેશન તો આવ્યું પણ...' અછાંદસ રચના રજૂ કરી. ચિનુ મોદીએ સોનેટ–'આજે વિરાટ નભની ખટકે બારી' અને ગઝલ– 'આવ અથવા તો મને બોલાવ તું' રજૂ કર્યાં. રાજેન્દ્ર શુક્લે ભાષાવૈભવ ધરાવતી ગઝલો– 'ના કિછુ છૂટા તથા હોવાનો આ ખયાલ છે મૂળમાંથી ખોટો' પ્રસ્તુત કરી હતી. માધવ રામાનુજે ખાસ નવા સંગ્રહ માટેની રચનાઓ માત્ર વીસ દિવસના ગાળામાં રચેલી. તેમાંથી મૂળ તો 'ભીનું ભીનું ખસે' અને 'વૃક્ષને પણ વાત કરવી હોય છે' કાવ્યોનું ભાવવાહી પઠન કર્યું. જવાહર બક્ષીએ ત્રિપાદ કુંડળ, આખ્યાન ગઝલ રજૂ કરી. અંતે સુરેશ દલાલના અવાજમાં સ્વરચિત કાવ્યપઠનનું રેકોર્ડિંગ વાગ્યું ત્યારે વાતાવરણ ભાવસભર બની ગયું.

ઈમેજ વતી પ્રાસંગિક વક્તવ્ય આપતા ઉત્પલ ભાયાણીએ ઈમેજના માર્ગદર્શક સુરેશ દલાલની કેડી પર ચાલી નવા પ્રકાશનો અને વૈવિધ્યસભર કાર્યક્રમોની પરંપરાને વહેતી રાખવાનો સંકલ્પ વ્યક્ત કરી સર્વ કવિઓનો આભાર માન્યો હતો. સંચાલન અંકિત ત્રિવેદીએ કર્યું હતું. ઉપસ્થિત કવિઓના પુસ્તકોથી સ્વાગત ઈમેજ વતી હિતેન આનંદપરા અને અપૂર્વ આશરે કર્યું હતું. □



નંદિની ત્રિવેદીનાં પુસ્તક 'સ્પંદન AMERICANA'નું વિમોચન સુપ્રસિદ્ધ કલાકાર પંડિત અજય પોહનકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે સરિતા જોશી, ડૉ. સુધિર શાહ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. સંગીત-સાહિત્ય-પત્રકારત્વ સાથે સંકળાયેલી અનેક જાણીતી હસ્તીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ રોનકદાર બનાવ્યો હતો.

## ''નંદિની ત્રિવેદીનું 'સ્પંદન Americana' કાવ્યમય પ્રવાસવર્ણન''

- પંડિત અજય પોહનકર

મુંબઈ સમાચારનાં વરિષ્ઠ પત્રકાર નંદિની ત્રિવેદી લિખિત અને વિશાલ પબ્લિકેશન પ્રસ્તુત સુંદર ફોટોગ્રાફ અને સુરીલી પંક્તિઓથી મહેકતા 'સ્પંદન Americana' નો વિમોચન સમારંભ ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરી-મુંબઈમાં ગત તા. ૧૬મી સપ્ટેમ્બરે યોજાઈ ગયો. સુપ્રસિદ્ધ કલાકાર પંડિત અજય પોહનકરે પુસ્તક વિમોચન કરતાં જણાવ્યું હતું કે 'નંદિનીની સાંગીતિક અને પત્રકારત્વની કાબેલિયતથી હું પરિચિત છું. તેની રસાળ-કાવ્યમય શૈલીનું પ્રતિબિંબ આ પુસ્તકમાં જોવા મળે છે. નંદિની પ્રત્યેનો બધાનો પ્રેમ જોઈને હું ભાવવિભોર છું ને મારાં હાર્દિક અભિનંદન આપું છું.' અને ત્યારબાદ તેમણે ઠુમરી ગાઈને શુભેચ્છા વ્યક્ત કરતાં દર્શકોને મજા આવી ગઈ હતી. અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત લોકલાડીલા સરિતા જોષીએ નંદિની ત્રિવેદીની સરળ અને આગવી શૈલીને ભરપૂર બિરદાવતાં જણાવ્યું કે, આ પુસ્તક વાંચવા માટે હું ખૂબ જ ઉત્સુક છું. સરળતા, સ્પષ્ટતા ને સહૃદયતા એ એના લખાણની ખાસિયત છે. વિઝા કન્સલ્ટન્ટ ડૉ. સુધીરે શાહે અમેરિકાના તેમના અનુભવો વહેંચ્યા હતાં અને જણાવ્યું કે અમેરિકા હું સાંઈઠ વાર ગયો હોઈશ પણ નંદિનીએ એક જ ટ્રિપમાં જે સ્પંદનો આ પુસ્તકમાં આલેખ્યાં છે એવાં હજુ મારાથી લખી શકાયા નથી.

નાટ્યકલાકારો સ્નેહા દેસાઈ અને કમલેશ મોતાએ પુસ્તકના અંશોનું ભાવવાહી પઠન કર્યું હતું અને મીનળ પટેલે 'સુખ' કાવ્યને એમની હંમેશની અદા મુજબ રજૂ કરીને પ્રેક્ષકોની દાદ મેળવી હતી. બંગાળી અભિનેતા તાપસ કરે રવીન્દ્રનાથ ટાગોરની 'યાત્રિ આમિ' કવિતાનું પઠન કર્યું. જીમિત ત્રિવેદી અભિનીત 'ન્યુયોર્ક' વિશેની એકોક્તિએ ન્યુયોર્કને હૉલમાં સાક્ષાત ખડું કર્યું હતું. શિકાગોમાં વસતા વિશ્વવિખ્યાત ટેકનોક્રેટ સૅમ પિત્રોડાએ નંદિની ત્રિવેદી માટે વિડીયો દ્વારા મોકલેલો ખાસ શુભેચ્છા સંદેશ કાર્યક્રમમાં એક પ્લેઝન્ટ સરપ્રાઈઝ હતું. કાર્યક્રમના ઉત્તરાર્ધમાં નંદિની ત્રિવેદીએ દર્શકો સાથે સીધો સંવાદ સાધીને તેમની સફરનાં સ્મરણો સાથે લાજવાબ ગીતોનો ઉલ્લેખ કર્યો હતો જે ગીતોને આનંદ પલવનકર અને શેફાલીએ ખૂબ સરસ રજૂ કરીને માહોલને ઓર રોમેન્ટિક બનાવી દીધો હતો. વિશાલ પબ્લિકેશન તરફથી નેહા યાજ્ઞિકે સૌનો આભાર માન્યો હતો. સ્નેહા દેસાઈએ સંચાલન દરમિયાન કહ્યું તેમ આ પ્રવાસવર્ણન એક પત્રકારની નજરે, એક માતાની નજરે અને સૌથી મહત્વનું એક સ્ત્રીની નજરે અમેરિકા કેવું છે એનું દર્શન કરાવે છે. પુરુષોત્તમ ઉપાધ્યાય, હંસા દવે, ઉદય મઝુમદાર, રેખા ત્રિવેદી, સર્વેશ વોરા, ડૉ. પ્રકાશ કોઠારી, સુરેશ જોશી, પ્રવીણ સોલંકી, સોનલ શુક્લ સહિત સંગીત-સાહિત્ય-પત્રકારત્વ સાથે સંકળાયેલી અનેક જાણીતી હસ્તીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ રોનકદાર બનાવ્યો હતો. □

નવરાત્રિ મહિમા




નંદિની ત્રિવેદી

# ...ગગન કેરે ઘાટ આવી નોરતાંની રાત

અષાઢી અને શ્રાવણનાં સરવરિયાં પૂરાં થાય એટલે આવી જાય નવલી નવરાત્રિ. રૂમઝૂમ કરતી આવી પહોંચેલી નવરાત્રિમાં ચાચરના ચોકમાં માની સંગાથે ગરબાની રમઝટ જામે અને ગુજરાતીઓનું હૈયું હેલે ચડવા લાગે. જોકે, શહેરોમાં તો નથી રહ્યો ચાચર ચોક કે નથી રહ્યો ઓરિજિનલ ગરબો. એક સમય હતો જ્યારે નાની નાની સોસાયટીઓમાં માતાજીની તસવીર સામે ગરબો મૂકીને વ્યવસ્થિતપણે ખૂબ સરસ ગરબા થતા. ગાનાર પણ પ્રોફેશનલ હોય એ જરૂરી નહોતું. શ્રદ્ધા અને ભક્તિ સાથે કોઈ પણ સ્ત્રી કે પુરુષ ગરબો ગવડાવે અને બાકીના લોકો ઝીલીને ગરબો લે. ગુજરાતમાં, વડોદરાના ગરબા તો આજેય વખણાય છે. વડોદરાની નવરાત્રિમાં માત્ર ગુજરાતી ગરબા જ ગવાય. સ્ત્રીઓએ ચણિયા-ચોળી કે ગુજરાતી સાડી જ પહેરવાની અને પુરુષોએ પણ ગરબા કરવા હોય તો પરંપરાગત પોષાકમાં જ આવવાનું. એક મોટું સર્કલ કરીને જ ગરબા રમાવાના. અહીંની જેમ નાનાં નાનાં કૂંડાળા કરીને એકની એક જગ્યાએ રમવાનું નહીં. અલબત્ત, ઘાણીએ જોતરાતા બળદ જેવી જિંદગી જીવતા શહેરીજનોને મનોરંજન તો જોઈએ જ. એટલે ખિસક્વાનીય જગ્યા ન હોય એવા ડિસ્કો દાંડિયામાં મળ્યું એટલું માણી લેવું'ની માનસિકતા સાથે એ આ નવ દિવસ મનભરીને ઝૂમી લે છે. આપણી યુવા પેઢીને તો શોરબકોર કોઠે પડી ગયા છે એટલે એમને આજની આધુનિક નવરાત્રિ સામે વાંધો નથી અને બાકીનાઓ સુસ્ત હોય છે આ શરદની રાત્રિઓએ. ટૂંકમાં કહીએ તો, આપણા ઉત્સવો આમઆદમીનાં ફ્રસ્ટ્રેશન્સ દૂર કરવાના હાથવગાં સાધનો છે.

'મા પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાળી રે'ને સ્થાને 'મધુબન મેં જો કન્હૈયા...' અને 'રંગે રમે આનંદ રમે' ને સ્થાને 'ડોલા રે ડોલા', 'કજરારે' કે 'દસ બહાને કર કે લે ગઈ દિલ' જેવી ધૂનો પર લોકો ડોલે છે એ આજની નવરાત્રિની તાસીર છે. નખશિખ ગુજરાતી પોષાક, હાર્મોનિયમ, તબલાં, ઢોલક અને મંજીરા સાથે ગવાતા પ્રણાલિકાગત ગરબા તો હવે મોટા શહેરમાં ટિકિટના પૈસા ખર્ચીને માત્ર હૉલમાં જ જોવા મળે.

લોકગીતોની મહત્ત્વની બે સરવાણી એટલે સંતવાણી અને રાસ-ગરબા. રાસ-ગરબા એ લોકસંગીતનું અવિભાજ્ય અંગ છે. ગરબો યાને કિ ગર્ભદીપ. ગરબો ગૂર્જર સંસ્કૃતિનું મંગલમય પ્રતીક છે. ગરબા, ગરબી અને રાસ પણ લોકગીતોના પ્રકાર જ છે. ગરબો શબ્દ 'ગર્ભ' (ઘડો) ઉપરથી આવ્યો છે. માટીના છિદ્રવાળા નાનકડા પાત્રમાં દીવો મુકી નવરાત્રિમાં માથે લઈ અથવા વચમાં સ્થાપી કૂંડાળું વળી દેવીસ્તુતિરૂપે ગવાતાં કાવ્યોને




'ગરબો' સંજ્ઞા મળી. વલ્લભ ભટ્ટે તો એના 'આનંદના ગરબા'ને છંદ કહ્યો છે. વાસ્તવમાં ગરબો એ છંદ કે રાગ નથી પરંતુ નવરાત્રમાં સમૂહનૃત્ય વખતે ગાવાની કવિતાનો એક પ્રકાર છે. કેટલેક સ્થાને પદના રાગને ગરબી કે ગરબો કહ્યો છે. ગરબામાં વસ્તુ દૃષ્ટિએ

**ગરબો શબ્દ 'ગર્ભ' (ઘડો) ઉપરથી આવ્યો છે. માટીના છિદ્રવાળા નાનકડા પાત્રમાં દીવો મુકી નવરાત્રિમાં માથે લઈ અથવા વચમાં સ્થાપી કૂંડાળું વળી દેવીસ્તુતિરૂપે ગવાતાં કાવ્યોને 'ગરબો' સંજ્ઞા મળી.**

વર્ણન, કથા, સંવાદો, સંદેશ, સ્તુતિ તથા પ્રાસ-ઢાળનું અપાર વૈવિધ્ય જોવા મળે છે. ગરબા ઐતિહાસિક કે ધાર્મિક કથાપ્રસંગો આલેખતા હોઈ તેમાં નિરૂપાયેલા રસ શાંત,

વીર, શૃંગાર કે કરુણ હોય છે. પરંતુ શહેરોમાં ગરબાની રજૂઆત રંગમંચ ઉપર કરવામાં આવતી હોઈ તેનું મૂળ નૈસર્ગિક બલિષ્ઠ સ્વરૂપ જળવાતું નથી. રાસ પણ મધ્યકાળમાં મુખ્યત્વે જૈનોએ ખેડેલો એક સાહિત્યપ્રકાર છે. જોકે દાંડિયા રાસનો ઉલ્લેખ નવમી સદીમાં રાજશેખર કવિએ કર્યો છે. રાસ અને ગરબામાં દેશનો આખો ઈતિહાસ પણ તરી આવે! રાસમાં સ્ત્રી–પુરુષ બન્ને ભાગ લે છે. નરસિંહ મહેતાનો 'આજની ઘડી તે રળિયામણી', મીરાંનું પદ 'હાં રે કોઈ માધવ લ્યો', દયારામનું 'શ્યામ રંગ સમીપે ન જાવું', ઈત્યાદિ રાસનાં ઉત્તમ ઉદાહરણો છે. નરસિંહ મહેતાનો 'રૂડી ને રંગીલી કે વ્હાલા તારી વાંસળી રે લોલ' પણ ગરબા તરીકે વર્ષોથી ગવાતો આવ્યો છે.'કેવડિયાનો કાંટો', 'ઝૂલણ મોરલી વાગી' તથા 'મણિયારા વણઝારા ગીતો રે લોલ'ના બહુ પ્રચલિત લોકગીતો રાસરૂપે ગવાય છે. મૂળભૂત રીતે રાસ એક નૃત્યપ્રકાર છે. સંસ્કૃતમાં સ્ત્રીઓ એકલી અથવા સ્ત્રી–પુરુષો મંડળાકારે ગોઠવાઈને તાળી દઈને અથવા દાંડિયા વડે તાલ લઈને ગાયન–વાદન અને નૃત્ય કરે તેને રાસ કહ્યો છે. બારમીથી પંદરમી સદી સુધીમાં રચાયેલી મોટા ભાગની રાસકૃતિઓનું કથાવસ્તુ એકસરખું રહેતું અને તેનું આલેખન પણ સીધેસીધું થતું. 'રાસ'નો પ્રધાનરસ શાંત રહેતો અને છંદ માત્રામેળ (ચોપાઈ, સોરઠા, દૂહા, રોળા, સવૈયા, ત્રિપદી) હતો. પંદરમી સદી પછી લગભગ ૨૦૦૦થી ૨૭૦૦ જેટલી કડીઓ ધરાવતી લાંબી કૃતિઓ વધારે જોવા મળે છે. ૧૨મી થી ૧૯મી સદીમાં રાસકૃતિઓની રચના ધાર્મિક કથનાત્મક અને ચરિતકથાત્મક એવા બે પ્રકારમાં વિપુલતાથી થયા કરી છે. ધાર્મિક કથાત્મક રાસ પ્રમાણમાં ટૂંકા (૮૦ થી ૩૦૦ કડી સુધીના) અમે ભજવી શકાય એવા હતા.




ચરિતકથાત્મક રાસનો વિસ્તાર ૨૦૦૦ થી ૨૭૦૦ કડી સુધીનો જોવા મળે છે.

પરંપરાગત ગરબાને શાસ્ત્રીય સ્પર્શ આપવાનું અને કેટલાક અર્વાચીન ગરબાનું સર્જન કરાવનું શ્રેય ગીતકાર–સંગીતકાર અવિનાશ વ્યાસને જાય છે. ગુજરાતી ગરબાઓને લોકપ્રિય બનાવવામાં એમનું પ્રદાન અનોખું કહી શકાય. તેઓ કહે છે કે ગરબાને સ્વર સાથે સગપણ છે, ગરબાને કવિતા સાથે નાતો છે. ગરબાને તાલ સાથે તાલાવેલી છે. સહેજ આગળ વધીએ તો ગરબાને થોડુંઘણું નૃત્ય સાથેય અડપલું કરવા દઈએ, પણ ગરબાનું 'વ્યક્તિત્વ' કોઈ પણ સ્થળે કે કોઈ પણ સંજોગે ઘવાવું ન જોઈએ. અવિનાશભાઈના ગરબાસંગ્રહ 'વર્તુળ'ના આમુખમાં તેમણે લખ્યું છે કે વર્તુળનો અર્થવ્યાપ માત્ર ગોળાકાર સુધી સીમિત નથી. વર્તુળનું પણ એક વ્યાકરણ છે. વિચારોનું વર્તુળ, આચારોનું વર્તુળ, સામાજિક અને રાજદ્વારી વર્તુળ, નાતજાતનાં વર્તુળ. આમ જ્યાં જુઓ ત્યાં વર્તુળ તો છે જ. ગરબા–રાસની નૃત્યરચના તો વર્તુળ ખરી જ પણ એનાથીય પર ગરબાના શબ્દોનું, ગરબાના કાવ્યોનું, ગરબાના વિષયોનું, ગરબાના શણગારનું, ગરબાના ગીત–સંગીતનું, તાલનું અને તાળીઓનું પણ એક વિશિષ્ટ વર્તુળ હોય છે.

અવિનાશભાઈએ પારંપરિક લોકધૂનમાં શાસ્ત્રીય સ્વરોનું મિશ્રણ કરીને ગરબાને શાસ્ત્રીય સ્પર્શ આપ્યો અને એ ગરબા સુજ્ઞ અને કલાપ્રેમી ગુજરાતીઓમાં ખૂબ લોકપ્રિય કારણકે આ ગરબામાં યથાતથ મૂળ સંસ્કૃતિની ખુશ્બૂ તો ભળેલી જ હતી. 'માડી તારુ કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો', 'હવે મંદિરના બારણાં', 'છેલાજી રે', 'છાનું કે છપનું કંઈ થાય નહીં' તથા 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ' જેવા કેટલાય ગરબાને અવિનાશભાઈએ શાસ્ત્રીય સ્પર્શ આપ્યો છે. એવા જ એક અન્ય ઉત્તમ સ્વરકાર ગીતકાર નિનુ મજુમદારે પણ માતાજીની એક સરસ સ્તુતિ અદ્ભુત કમ્પોઝ કરી છે. રાગ તોડીના સ્વરો પર આધારિત એ સ્તુતિ છે 'રક્ષા કરો જગદંબા ભવાની...'

અન્ય કેટલાક જાણીતા ગરબામાં, 'સોનલ ગરબો શીરે અંબે મા', 'મા તું પાવાની પટરાણી', 'આસમાની રંગની ચૂંદડી રે', 'ઈંઘણા વીણવા ગઈ'તી મોરી સૈયર', 'ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ', 'તારા વિના શ્યામ', 'કેસરિયો રંગ' તથા 'ભલા ભાણેજડા' અને 'હો રંગરસિયા' જેવા રાસ આજે પણ પ્રચલિત છે.

રાસ–ગરબા અને પ્રસંગગીતોને ગુજરાતે આજે પણ જીવંત રાખ્યાં છે. પરંતુ આધુનિક રાસ–ગરબાનું સ્વરૂપ હવે સાવ બદલાઈ ગયું છે. 'પંખીડા...' થી માંડીને 'પરી હૂં મૈં...' જેવા ગરબા પ્રચલિત છે, તો 'હાં હાં રે ઘડૂલિયો...' થી લઈને ઢોલી તારો ઢોલ બાજે.... સુધી રાસનું સ્વરૂપ વિસ્તર્યું છે! □



રઈશ મનીઆર

# યુદ્ધ પોતે જ એક સમસ્યા છે, યુદ્ધ શું કોયડાને સુલઝાવે?



વિશ્વમાં બે ડઝન જેટલી સરહદો પર નાનાંમોટાં યુદ્ધ ચાલી રહ્યાં છે. વિશ્વમાં ત્રણસોએક જગ્યાએ હિંસાત્મક બળવા ચાલી રહ્યા છે અને એને ડામવાની લશ્કરી કાર્યવાહી એથીય વધુ પૂરજોશમાં ચાલી રહી છે. દર વર્ષે આવી રાજદ્વારી અશાંતિમાં વીસ પચીસ હજાર સામાન્ય નાગરિકો, બે પાંચ હજાર સૈનિકો અને બે પાંચ નેતાઓ હોમાઈ જાય છે. જગતભરમાં સિકંદરો, ચંગીઝખાનો, નેપોલિયનો અને હિટલરોની હિંસાનો જવાબ આપવાનું કામ નાનકડી એક કવિતા કરી શકે. સાહિર લુધિયાનવીની એક નઝમ યાદ આવે છે...

રક્ત પોતાનું હો કે બીજાનું
એ તો માનવનું રક્તછે અંતે
યુદ્ધ પશ્ચિમમાં હો કે પૂર્વ મહીં
વિશ્વબાંધવાનું રક્ત છે અંતે
બૉમ્બ ઘર પર પડે કે સરહદ પર
અંતે ચણતર ભીતરનું ધ્વંસ્ત થશે
સીમા ખુદની બળે કે બીજાની
ભૂખમાં જિંદગી જ અસ્ત થશે
ટૅંક આગળ વધે, હટે પાછળ
કૂખ માભોમની ઉજડવાની
હો વિજયની ખુશી કે હારનો ગમ
લાશ પર જિંદગી જ રડવાની
યુદ્ધ પોતે જ એક સમસ્યા છે
યુદ્ધ શું કોયડાને સુલઝાવે?
આગ ને રક્ત આવશે આજે
ભૂખ ને તંગી લાવશે કાલે

માધવ રામાનુજ યુદ્ધમોરચે ગયેલા સૈનિકના માનસિક અને શારીરિક થાકને વાચા આપે છે

**એક ક્ષણ જો યુદ્ધ અટકાવી શકો**
**ટૅંક પર માથું મૂકી ઊંઘી લઉં**

જાપાની કવિ તૂ ફૂ લખે છે

**દીકરીઓ તો હોય છે**
**માથોડા ઊંચા ઘાસમાં ડૂબી જવા માટે**

માતાના ઉદ્‌ગાર છે જે કહે છે દીકરીઓ તો માથોડા ઊંચી ધાન ઘાસની ફસલમાં ડૂબી જવા માટે હોય છે. આમ યુદ્ધમેદાનની શોકાંતિકાઓમાં રગદોળાવા માટે નહીં. અહીં પણ માનવીની ખેતીની, સર્જનની, જીવનના નિર્વહનની મહેનતનો મહિમા ગાઈ કવિએ સત્તાલાલસુઓની સત્તાભૂખમાં અકારણ હોમાઈ જતા મહેનતકશ ઇન્સાનો અને એમના નિર્દોષ અને નાજુક પરિવારોની વેદનાને ઓછા શબ્દોના લસરકા દ્વારા માત્ર એક ચિત્ર રચીને વાચા આપી છે.

દુઃખની વાત એ છે કે વિશ્વની મેટાભાગની હિંસા ધર્મ અથવા સત્તાના અફીણિયા ખ્યાલોથી પ્રેરાઈને થાય છે, અન્ન કે માનવતા માટે નહીં. ઇઝરાયલના કવિ યેહૂદા અમીચાઈની કવિતા યાદ આવે, જે લખે છે.

**બૉમ્બનો વ્યાસ ત્રીસ સેન્ટિમીટર હતો**
**અને એની વિનાશશક્તિના વર્તુળનો વ્યાસ**
**સાત મીટર હતો**
**અને એ મર્યાદાવર્તુળમાં જ પડ્યાં હતાં મરેલાં**
**અને અગિયાર ઘવાયેલાં**
**એની આજુબાજુ વેદના અમે સમયના વધુ**
**વિસ્તરેલાં વર્તુળમાં**
**વેરવિખેર ઊભાં છે બે દવાખાનાં અને એક**
**કબરસ્તાન**
**સો કિલોમીટર દૂરથી આવેલી**
**સ્ત્રીનો જ્યાં ભૂમિદાહ થયો એ બિન્દુ વર્તુળને**
**ખૂબ વિસ્તારી દે છે.**
**તેના મૃત્યુ પર રડતાં એકાકી માનવનું આંસુ**
**સમસ્ત પૃથ્વીને સમાવી લે છે**
**અને હું મૌન રહીશ એ અનાથ બાળકોનાં**
**આંસુઓ વિશે**
**જે ઈશ્વરના સિંહાસન સુધી પહોંચે છે**
**અને ત્યાંથી એ વધુ વિસ્તરી**
**વર્તુળને અનંત અને ઈશ્વરવિહોણું બનાવી દે**
**છે**

આ તમામ કવિતાઓમાં કવિ શાંતિનો પક્ષ લે છે અને કશાકની વિરુદ્ધ આક્રોશ ઠાલવે છે. પણ કવિતાનો ઉચ્ચતર પ્રકાર એ છે જેમાં

**કવિતાઓમાં કવિ શાંતિનો પક્ષ લે છે અને કશાકની વિરુદ્ધ આક્રોશ ઠાલવે છે. પણ કવિતાનો ઉચ્ચતર પ્રકાર એ છે જેમાં પક્ષ લેવા વગર આક્રોશ વ્યક્ત કરવા વગર કશીક અપૂર્વ વાત કહેવાઈ હોય.**

પક્ષ લેવા વગર આક્રોશ વ્યક્ત કરવા વગર કશીક અપૂર્વ વાત કહેવાઈ હોય. ગુજરાતના ઉર્દૂ કવિ મહમદ અલવી કહે છેઃ

**એક જંગઆલૂદા**
**તોપ કે દહાને મેં**
**નન્હી મુન્ની ચીડિયાને**
**ઘોસલા બનાયા હૈ**

આમ તો તોપના મોંમાં અગનગોળા હોય પણ યુદ્ધ પછી, કાળગ્રસ્ત થયેલી કાટ લાગેલી તોપના મોંમાં નાનકડી ચકલી માળો બનાવે છે. યુદ્ધ સતત ચાલી શકે નહીં. વિનાશની આગ વેરતી તોપોએ ક્યારેક નવજીવનનેય આશ્રય આપવો પડે છે. સૃષ્ટિની આ ભીષણતા અને મનોહારિતાનું ચક્ર કવિ કોઈપણ જજમેંટ વગર રજૂ કરે. □





રાજેશ વ્યાસ 'મિસ્કીન'

**કોણ આ ખેંચી રહ્યું છે**
**કોણ ખેંચાઈ રહ્યું છે**

## ૧૪૦૦ વર્ષની કથા (ગઝલ કથા)

કોણ આ ખેંચી રહ્યું છે કોણ ખેંચાઈ રહ્યું છે,
શ્વાસમાં ખુશબૂની માફક ખૂબ છલકાઈ રહ્યું છે.

એ શિવાલય સાઉથના જંગલમાં અંતરિયાળ ગામે,
૧૪૦૦ વર્ષો પછીથી ત્યાં જ બંધાઈ રહ્યું છે.

સંત અંધારા ખૂણે બેઠા ગગનને બાથ ભીડી,
આંખમાંથી તેજ તપનું ઓર રેલાઈ રહ્યું છે.

દેવદુર્લભ વૃક્ષ સ્વાગતમાં ઊભાં લાગે બધાંને,
આવનારાનું કદમ પ્રત્યેક પોંખાઈ રહ્યું છે.

બાલઆલયમાં દીવાનું તેજ ખપ પૂરતું પ્રગટતું,
તોય લાગે મન ગજબના પૂરમાં ન્હાઈ રહ્યું છે.


વીંટળાઈ નાગ સાચૂકલા રહ્યા શિવલિંગ ઉપર,
ભસ્મની થાળીમાં સ્પંદન સૌમ્ય ઊર્જાઈ રહ્યું છે.

રામ જાણે કેટલાં વર્ષે પૂરું થાશે શિવાલય,
એ પરમ પોતે જ પોતાથી ઘડાવાઈ રહ્યું છે.

એ જ નંદી એ જ શિવજી એ જ પુરાતન બધુંયે,
બ્હારથી કેવળ નવા રૂપે નવાજાઈ રહ્યું છે.

કોણ નવરું છે ? અહીં સહયોગ દે મનમાં થયું જ્યાં,
જોઉં, જે ખેંચાઈ આવ્યું એ જ ઠલવાઈ રહ્યું છે.

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'



લેખના વિષયને અનુરૂપ આ તસવીર માત્ર પ્રતિકાત્મક સ્વરૂપે મુકવામાં આવી છે.

સદ્‌ગુરુ અમૃતેશ ભટ્ટારક સાથે ચેન્નાઇથી કાંચીપુરમ જવા નીકળ્યો છું. રસ્તામાં હાઇવેથી અંદરની બાજુ ફંટાતાં અંતરિયાળ ગામો તરફ મોટર આગળ વધી રહી છે. લગભગ ગાઢ જંગલ જેવો ભાગ કહી શકાય એવા વિસ્તારમાં, ૨૫-૩૦ ઘરના નાનકડા ગામ પાસે ગુરુજી મોટર ઊભી રખાવે છે. ગામનાં હાલહવાલ જોતાં તરત ખ્યાલ આવી જાય કે સાવ કંગાળ ગામ છે. જીવનનિર્વાહ કુદરતના આશરે જ ચાલતો હશે. મેં ગુરુજીને વાત કરી ત્યારે તેમણે તેમના સૌમ્ય અવાજે કહ્યું કે, આ ગામ કુદરતને આધારે જીવે છે એ વાત સાચી, પરંતુ સૌથી કંગાળ નથી, કદાચ પૃથ્વી ઉપરનાં સૌથી સમૃદ્ધ ગામોમાંનું આ એક હશે. તેમની સાથે ચાલતા ચાલતા ગામની અંદર એક વિશાળ જળાશય સુધી હું પહોંચી ગયો હતો.

બે પાંચ વીઘામાં કોઈક મંદિર આકાર લઈ રહ્યું હોય, એવું લાગતું હતું. ૧૦-૧૨ શિલ્પીઓ મૂર્તિઓ ઘડી રહ્યા હતા. ગુરુજીએ કહ્યું આ ૧૪૦૦ વર્ષ જૂનું મંદિર છે. ૧૪૦૦ વર્ષ પહેલાં રાજાએ બંધાવેલું પછી કાળક્રમે એ ખંડેર થતાં થતાં લગભગ નાશ પામ્યું. બચી ગયાં હતા માત્ર શિવલિંગ અને નંદી. આસપાસની દીવાલો, ગુંબજ બધું જ નાશ પામ્યું હતું. પણ પુરાતત્ત્વ ખાતાના હાથમાં હોવાથી આ મંદિરના નવનિર્માણનું કાર્ય શક્ય નહોતું. સાવ વગડા વચ્ચે વિરાટ શિવલિંગ, વિરાટ નંદી, નવગ્રહની મૂર્તિઓ માત્ર બચ્યાં હતાં. આ એ જ મંદિર હતું જ્યાં શંકરાચાર્ય પરંપરાના એક શંકરાચાર્યની સમાધિ છે. ૧૪૦૦ વર્ષમાં એક ઈંટ ન બચી. કાયદાની આંટીઘૂંટીમાંથી મુક્ત થયા બાદ ગામનાં લોકોએ જ સંતોના સહકારથી આ શિવાલયના નિર્માણનું કાર્ય હાથ ધર્યું છે.

સાવ જંગલ વચ્ચે એક ભવ્ય શિવલિંગ ચિત્તાકર્ષક છે. શિવલિંગને વીંટળાઇને બે નાગ બેસી રહે છે. માણસોની અવરજવર ચાલુ થાય પછી શિવલિંગ ઉપર લગાડવાની ભસ્મમાં રીતસર આળોટે અને પછી ચાલ્યા જાય. હજુ સુધી એ નાગ કોઈને કરડ્યા નથી. શિવલિંગ પાસે તમે ઊભા રહો અને એ શિવલિંગની શાંતિ નરી શીતળતા સાથે તમારી ભીતર પ્રસરતી લાગે. આ અનુભવ વિશિષ્ટ રહ્યો. આ શિવાલયના આંગણામાં પુરાણોમાં જેને દુર્લભ વૃક્ષો કહ્યાં છે એ ઉભાં છે.

**સાવ જંગલ વચ્ચે એક ભવ્ય શિવલિંગ ચિત્તાકર્ષક છે. શિવલિંગને વીંટળાઈને બે નાગ બેસી રહે છે. માણસોની અવરજવર ચાલુ થાય પછી શિવલિંગ ઉપર લગાડવાની ભસ્મમાં રીતસર આળોટે અને પછી ચાલ્યા જાય. હજુ સુધી એ નાગ કોઈને કરડ્યા નથી. શિવલિંગ પાસે તમે ઊભા રહો અને એ શિવલિંગની શાંતિ નરી શીતળતા સાથે તમારી ભીતર પ્રસરતી લાગે. આ અનુભવ વિશિષ્ટ રહ્યો. આ શિવાલયના આંગણામાં પુરાણોમાં જેને દુર્લભ વૃક્ષો કહ્યાં છે એ ઉભાં છે.**

મેં ગુરુજીને પૂછ્યું આ શિવાલયનું નિર્માણકાર્ય ક્યારે પૂરું થશે? તેમણે એ જ સૌમ્ય સ્મિત સાથે આકાશ સામે જોતાં જોતાં ઈશારો કર્યો આ ૨૦૧૨ની સાલમાં. અમૃતેશ ભટ્ટારક રામાનંદ સાગરના કોઈ પાત્ર સમા ઋષિ લાગે પણ એ બધું તો અભિનય હોય છે. પુરાણોમાં જે ઋષિઓનાં વર્ણન છે. એ જ ઋષિત્વ તેમનામાં પ્રગટેલું નજરે પડે. શિવાલય એક અલૌકિક ઊર્જાના સ્પંદનોથી ઘેરાયેલું જણાયું. કોઈ ખુશ્બૂ એવી રીતે ઘેરી વળતી હતી કે એ દિવ્ય ખુશ્બૂની સરખામણી કશા સાથે ન કરી શકાય.

મંદિરના દર્શન કર્યા પછી અમે બાલઆલયમાં ગયા. બાલઆલય એટલે મૂળ મૂર્તિઓમાંથી એનાં દિવ્ય સ્પંદનો અને શક્તિને નાની મૂર્તિઓમાં Transfer કરવામાં આવે છે. એ શક્તિ અને સ્પંદનોને Transfer કર્યા પછી એ મૂર્તિને નિર્માણકાર્ય દરમિયાન સ્પર્શતા કે અન્ય કામોમાં વાંધો નથી આવતો. અને જે સ્પંદિત અને ઊર્જાવાળી મૂર્તિઓ હોય છે તેને એક જગ્યાએ મૂકવામાં આવે છે અને એ ઊર્જા અને સ્પંદનોની નિર્માણકાર્ય પૂરું ના થાય ત્યાં સુધી એ ઓરડામાં પૂજા થાય છે. એ ઓરડાને બાલઆલય કહે છે.

આપણે ગુજરાતમાં ભગવાનના ગર્ભગૃહમાં પણ પુષ્કળ રોશનીઓ હોય છે. સાઉથના મંદિરોમાં જેટલા તેજમાં એ પરમનું તેજ ઝીલી શકાય એટલું જ અજવાળું દીવાનું રાખવામાં આવ્યું હોય છે. હું બાલઆલયમાં બેઠો ત્યારે ખપ પૂરતું જ અજવાળું હતું. પરંતુ મન, હૃદય, સમગ્ર અસ્તિત્વ તેજના ઝળહળતા પૂરમાં નહાઈ રહ્યું હતું. એક ક્ષણ માટે બુદ્ધિએ પ્રશ્ન કર્યો કે, આવા શિવાલયના નિર્માણમાં દુનિયામાં કોણ નવરુ છે કે તે સહયોગ આપવા આવે? જવાબરૂપે હું જ મને જડ્યો. છેક ક્યાંથી ખેંચાઇને અહીં આવ્યો હતો. કોણ આ ખેંચી રહ્યું હતું? અને કોણ આ ખેંચાઈ રહ્યું હતું?

આ સમગ્ર શિવાલયની ઘટનામાં સદ્‌ગુરુ સંત તો સાવ પડદા પાછળ જ ઊભેલા જણાય. અંધારા ખૂણામાં બેસીને આયુષ્યના અવશેષરૂપી વર્ષોને પૂરાં કરી રહેલા આ સંત જાણે આખા આકાશને બાથ ભીડીને બેઠા હોય તેમ લાગ્યું. તેમની આંખોમાંથી સૂર્ય અને ચંદ્ર જેવું જ તપનું તેજ રેલાઈ રહ્યું હતું. □

# સપ્તક સંગીત સંકલ્પ સપ્તાહ યોજાયો



સંપૂર્ણ સપ્તાહ દરમિયાન કલાકારો દ્વારા ગાયન, ધ્રુપદ, સિતાર, સંતૂર, વાયોલીન, મોહન-વીણા, તબલા, પખાવજ , મૃદંગમ, વાંસળી, શહેનાઈ, હાર્મોનિયમ વગેરે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

ભારતીય શાસ્ત્રીય સંગીતથી વિશ્વ પ્રસિદ્ધ બનેલી અમદાવાદની જાણીતી તેમજ લોકપ્રિય સંસ્થા 'સપ્તક' દ્વારા તા.૯ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૨ દરમિયાન ગજ્જર હોલ, લો-ગાર્ડન, અમદાવાદ ખાતે '૧૭ મા સપ્તક સંગીત સંકલ્પ સપ્તાહ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સપ્તક દ્વારા આખા વર્ષ દરમિયાન અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરાતું હોય છે, જેમાં 'સપ્તક સંગીત સંકલ્પ સપ્તાહ'નું સ્થાન સવિશેષ છે. જેમાં ભારતીય શાસ્ત્રીય સંગીતનાં એવા કલાકારોને સ્થાન અપાતું હોય છે, જેઓ આ ક્ષેત્રમાં પોતાની અનુઠી કલા-સાધના દ્વારા શાસ્ત્રીય સંગીતની દુનિયામાં પોતાનું સ્થાન ધરાવે છે અથવા જેઓ ભારતીય શાસ્ત્રીય સંગીતની ભવ્ય ધરોહરનું ભવિષ્ય છે. આ વર્ષે પણ એવા જ આશરે ૬૫ જેટલા કલાકારોએ પોતાની આત્મસાત્ કરેલી કલા દ્વારા અમદાવાદનાં સંગીત-રસિકોનાં મન જીતી લીધા હતા. સંપૂર્ણ સપ્તાહ દરમિયાન કલાકારો દ્વારા ગાયન, ધ્રુપદ, સિતાર, સંતૂર, વાયોલીન, મોહન-વીણા, તબલા, પખાવજ , મૃદંગમ, વાંસળી, શહેનાઈ, હાર્મોનિયમ વિગેરે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

'૧૭ મા સપ્તક સંગીત સંકલ્પ સપ્તાહ'ના આગલા દિવસે સપ્તક આર્કાઈવ્સ ખાતે તેમજ સપ્તાહનાં પ્રથમ દિવસે શ્રીમતી અંજલી કીર્તને(મુંબઈ)દ્વારા 'ગાનયોગી પંડિત ડી.વી. પલુસ્કાર'(૨ કલાક ૨૫ મિનીટ) તેમજ'ગોલ્ડન એજ ઓફ મ્યુઝિક' (૧ કલાક ૧૦ મિનીટ) ની એમ અનુક્રમે બે ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. જેને શ્રોતાજનોએ મોટી સંખ્યામાં માણી અને વખાણી હતી.

સંગીત સંકલ્પ દ્વારા દર વર્ષે સંગીતના ચિંતકો, લેખકો તેમજ શોધકર્તાઓને કાકા હાથરસી સંગીત સન્માનથી સન્માનવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧૫મી સપ્ટેમ્બરનાં રોજ ખેરાગઢનાં પ્રોફેસર શ્રી પ્રકાશ મહાડીકને શ્રી હિંમતભાઈ કપાસી(નિમંત્રક-સપ્તક સંગીત સંકલ્પ), શ્રી પ્રફુલ્લ અનુભાઈ(નિયામક-સપ્તક), વિદુષી મંજુ નંદન મહેતા(સહ-સંસ્થાપક-સપ્તક તેમજ નિયામક- સંગીત સંકલ્પ, અમદાવાદ), શ્રી ઋષિ શાસ્ત્રી તેમજ શ્રી મુકેશ ગર્ગ (સંસ્થાપક-સંગીત સંકલ્પ) દ્વારા કાકા હાથરસી સંગીત સન્માનથી સન્માનવામાં આવ્યા હતાં.

સપ્તાહ દરમિયાન અમદાવાદના ગુણી શ્રોતાજનોએ અનેકવિધ રાગ અને તાલનો આનંદ ઉઠાવ્યો હતો જેમાં જોગ, ભીમ-પલાસી, મિશ્ર-માંડ, સરસ્વતી, કૌશી-કાનડા, ભૈરવી, સિંધુ ભૈરવી, મારુ-બિહાગ,

## અપ્રાપ્ય રેકૉર્ડિંગ સંભળાવાયાં

સંપૂર્ણ સપ્તાહ સુધી સપ્તક આર્કાઈવ્સના અપ્રાપ્ય રેકોર્ડીંગ્ગસમાંથી દર વર્ષની જેમ દરરોજ એક-એક રેકોર્ડીંગ શ્રોતાજનોએ માણ્યું હતું. આ વર્ષે સપ્તક આર્કાઈવ્સ દ્વારા '૧૭માં સપત્ક સંગીત સંકલ્પ સમારોહ'માં એવા કલાકારોનું રેકોર્ડીંગ સંભળાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું કે જેઓએ સપ્તક સપ્તાહમાં પોતાની પ્રસ્તુતિ આપી હોય અને જેઓ હવે આપણી વચ્ચે રહ્યાં નથી.જેમાં તબલા-સમ્રાટ પદ્મ વિભૂષણ પંડિત કિશન મહારાજજી તથા પંડિત યુ.કે. શિવરામન (તાલ રૂપક અને તાલ મિશ્ર ચપુ), પંડિત રામાશ્રય જહા(ગાયન- રાગમાલા), પંડિત નંદન મહેતા(તબલા-તીનતાલ), શ્રી ગુણવંત વ્યાસ(ભાષણ- મૈં ક્યું નહિ ગાતા),ઉ.મેહમૂદ ધૌલ્પુરી(હાર્મોનિયમ-રાજસ્થાની ફોક ધૂન), શ્રી રણજીત સિંગ (રાગ શહાના), શ્રી ચીમન પડિયા (રાગ-શિવરંજની) અને શ્રી બિરેશ્વર ગૌતમ(રાગ-સોહિની)નો સમાવેશ થયો હતો.

શિવરંજની, નલિનકાંતિ, આહિર, બાગેશ્રી, રાગેશ્રી, સુર-મલ્હાર, રામદાસી-મલ્હાર, સોહની, હંસ-ધ્વનિ, વાચસ્વતિ, દુર્ગા, મિશ્ર-ગારા, શંકરા, તિલક-કામોદ, યમની કલ્યાણ, ગોરખ-કલ્યાણ, ઝપકતાલ, એકતાલ, તીનતાલ વગેરેનો સમાવેશ થયો હતો.

સપ્તાહનાં અંતિમ દિવસે સંગીત સંકલ્પના સંસ્થાપક શ્રી મુકેશ ગર્ગે શ્રોતાજનોને સંબોધતા જણાવ્યું કે, ભારતીય સંગીતની દુનિયામાં 'સપ્તક'નું નામ અને કામ જગપ્રસિદ્ધ છે તેમાં પણ આ પ્રકારના કાર્યક્રમ કે જેમાં સંગીત-વિશ્વનાં ઉભરતા કલાકારો કે જેઓ પોતાની કલા દ્વારા આ શ્રેત્રમાં પોતાનું નામ રોશન કરવા માંગે છે, એવા કલાકારોને આઠ- આઠ દિવસ સુધી બોલાવી, મંચ આપી અને સંગીત-વિશ્વમાં સ્થાન આપવાનું 'સપ્તક'નું આ કાર્ય ખરેખર પ્રશંસનીય છે. તેઓ સપ્તકનાં સંસ્થાપક, તબલા ક્ષેત્રમાં ગુજરાત અને ખાસ કરીને અમદાવાદમાં બનારસ સ્થાપનાર, તેમજ આ પ્રકારના કાર્યના સ્વપ્ન-દ્રષ્ટા એવા પંડિત નંદન મહેતાને હૃદયપૂર્વક યાદ કરી, આ કાર્યક્રમની સમિતિને અને મોટી સંખ્યામાં ઉપસ્થિત સંગીત-રસિકોને નતમસ્તક થઈ આભાર વ્યક્ત કર્યો હતો.



પ્રફુલ્લ અનુભાઈ દ્વારા શ્રી પ્રકાશ મહાડીક (ખેરાગઢ)નું સન્માન કરાયું હતું.

સમગ્ર સપ્તાહ દરમિયાન અમદાવાદનાં કલાપ્રિય, સુજ્ઞ શ્રોતાજનોએ ખૂબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમજ 'સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક'નાં વિદ્યાર્થી-સ્વયં સેવકોનો સપ્તકનાં આ આયોજનને અતિસફળ બનાવવા બદલ વિદુષી મંજુ નંદન મહેતા (સહ-સંસ્થાપક-સપ્તક તેમજ નિયામક-સંગીત સંકલ્પ, અમદાવાદ) તેમજ શ્રીમતી રૂપાંદે શાહે (ટ્રસ્ટી, સપ્તક તેમજ ખજાનચી-સંગીત સંકલ્પ, અમદાવાદ) લાગણીપૂર્વક આભાર માન્યો હતો. □

**-સંદીપ જોષી**





AHMEDABAD: LG BEST SHOP: S G ROAD - DEV ARC ELECTRONICS, PRANAV ELECTRONICS, MITHAKHALI:- CRYSTAL CORPORATION, AC SOLUTION PLAZA: SATELLITE - COSBY ELECTRONICS, LG SHOPEE: PRAHLADNAGAR - SHIVAM SALES, MOTERA ROAD - SHAH APPLIANCES, BAPUNAGAR - SIDHHI SALES, GANDHINAGAR : CHANDAN AUTO AGENCY, ANAND : SANKET SALES, NADIAD: CHETAK MOTORS, MEHSANA: JAIL ROAD - HONEST ELECTRONICS, T B ROAD - SANSKAR SALES, LG PREFERRED PARTNER : MEMNAGAR FIRE STATION - MADHAV ENTERPRISE, DEALER : S G HIGHWAY - ELECTRONICS JUNCTION

LG_Cinema_3D_H_13cm x W_20cm_Magazine Ad

## 'રસધ્વનિ'દ્વારા તુર્કીમાં ગુજરાતનાં લોકનૃત્યોની સુંદર રજૂઆત

ગુજરાતની જાણીતી નૃત્ય સંસ્થા રસધ્વનિ સંસ્થાને તુર્કીમાં નૃત્ય પ્રસ્તુતિની તક મળી હતી અને ગુજરાત રાજ્ય યુવા, રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા કનેક્કલ, તુર્કીમાં આંતરરાષ્ટ્રીય ડાન્સ ફેસ્ટીવલમાં નૃત્યની રજૂઆત માટે અમદાવાદની આ નૃત્યસંસ્થાની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રવાસ દરમિયાન નૃત્યની સમગ્ર પ્રસ્તુતિ 'રસધ્વનિ' સંસ્થાના ડાયરેક્ટર ડૉ. ઉમા અનંતાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી અને કાર્યક્રમનું સંચાલન નરેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. નૃત્યકારો દ્વારા નૃત્યના વિવિધ પ્રકારો જેવા કે ગરબા, ગરબી, રાસ, ઘૂમર અને રાસિયાની પ્રસ્તુતિ એક સપ્તાહ દરમિયાન ચાલતા કાર્યક્રમમાં કરવામાં આવી હતી. જેમાં ગુજરાતનો ભવ્ય સાંસ્કૃતિક વારસો 'નૃત્ય'ની ઝાંખી કરવામાં આવી હતી.





## કલાક્ષેત્રે યોગદાન બદલ મુખ્યમંત્રી દ્વારા હેમંત નાણાવટીનું સન્માન

જૂનાગઢના હેમંત નાણાવટી એ રંગમંચ સાથે સંકળાયેલું જાણીતું નામ છે. જૂનાગઢ ખાતે ૬૬માં સ્વતંત્રતા પર્વની ઉજવણી નિમિત્તે માનનીય મુખ્યમંત્રી દ્વારા હેમંત નાણાવટી રંગમંચ, ટેલિવિઝન અને મનોરંજન ક્ષેત્રે યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જેમાં એવી વ્યક્તિને સન્માનવામાં આવે છે કે, જે તે જિલ્લા સાથે જોડાયેલી છે અને કલાના કોઈ પણ ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપ્યું છે. હેમંતભાઈએ 'નવલસા હીરજી', 'નીષ્કૃતિ', 'એકાંતની અડોઅડ', 'એક ટીપું સૂરજનું' જેવા નાટક અને ગુજરાતી ટેલિવિઝન શ્રેણી નરસિંહ મહેતા, મોટીબા, સરસ્વતીચંદ્ર જેવી શ્રેણીમાં પોતાના અભિનયનાં ઓજસ પાથર્યાં છે.

## કૌમુદી મુનશીને કલાક્ષેત્રે યોગદાન બદલ જીવન ગૌરવ પુરસ્કાર

૨૪ ઑગસ્ટ– વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી પ્રસંગે મહારાષ્ટ્ર સાંસ્કૃતિક મંત્રાલય અને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના સંજય દેવતલે અને કાર્યાધ્યક્ષ હેમરાજ શાહ દ્વારા કૌમુદી મુનશીને તેમના કલાક્ષેત્રે યોગદાન બદલ જીવન ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સાહિત્યક્ષેત્રે–ઈલા આરબ મહેતા, પત્રકારત્વક્ષેત્રે–મુંબઈ સમાચારના તંત્રી પીન્કી દલાલ, કવિ–શંકર વૈદ્ય, સંસ્થાકીયક્ષેત્રે–પ્રગતી મિત્ર મંડળ–કાંદિવલીને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે પુરસ્કારની રકમરૂપે ₹ ૫૧,૦૦૦, શ્રીફળ તથા સન્માનપત્ર આપી તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું.




## 'પ્રકાશની પગદંડીઓ' પુસ્તકનું વિમોચન થયું

પ્રકાશ આમટેના પુસ્તક 'પ્રકાશ વાટા'ના સંજય ભાવે દ્વારા થયેલા ગુજરાતી અનુવાદ 'પ્રકાશની પગદંડીઓ' પુસ્તકનું અમદાવાદ ખાતે ગૂજરાત વિદ્યાપીઠમાં સુદર્શન આયંગર, પ્રકાશ આમટે અને મંદા આમટેના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

સાને ગુરૂજી દ્વારા લખાયેલી પ્રાર્થના દ્વારા આ કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. સ્વમાન પ્રકાશન દ્વારા પ્રકાશિત 'પ્રકાશની પગદંડીઓ'ના વિમોચન પ્રસંગે પ્રકાશક મહેશ દવેએ પુસ્તકને અનોખું ગણાવીને તેની પાશ્વભૂમિકા અંગે વાત કરી હતી. તેમણે પ્રકાશ આમટે અને બાબા આમટેની હેમલકસા વિસ્તારમાં કરેલી પ્રવૃતિને છેવાડાના માણસને મનુષ્યની કક્ષામાં લાવવાનો પ્રયત્ન ગણાવ્યો હતો. તેમણે પુસ્તકમાં લખેલી પ્રસ્તાવનાને પગલે પગલે પ્રકાશ નામ આપ્યું છે.

અશ્વિન ચૌહાણે પુસ્તકનો પરિચય આપતા કહ્યું કે, આ પુસ્તકમાં એક ફાનસનું અજવાળું અને બીજું માનસનું અજવાળું છે, એટલે કે એક ફાનસનો પ્રકાશ અને બીજો પ્રકાશ આમટેનો પ્રકાશ. તેમણે સંજય ભાવેને વિદ્યાર્થી પ્રિય પ્રાધ્યાપક ગણાવીને કહ્યું હતું કે, તેઓના સંપર્કમાં જે પણ વ્યક્તિ આવે છે તે વાંચનપ્રેમી બની જાય છે. તેમણે પુસ્તકનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. સંજય ભાવેએ 'માતૃ'ના કારણે તેમની માતૃભાષા જળવાઈ હોવાની વાત કરી હતી. તેમણે અનુવાદ કરવા માટે પ્રકાશ આમટેની સરળતાથી મળી ગયેલી મંજૂરીની વાત કરીને તેમના પર બનેલી 'ડિવાઈન મેસેન્જર્સ' નામની એક ડોક્યુમેન્ટરી બતાવી હતી. કાર્યક્રમના અંતે જયંત જોષી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં પ્રકાશ આમટેએ તેમની ડૉક્ટરીથી હેમલકસા સુધીની સફર જણાવી હતી.



## માધવ રામાનુજને એનાયત થશે 'નરસિંહ મહેતા' ઍવોર્ડ

ગુજરાતી સાહિત્યમાં કવિતા ક્ષેત્રે 'નરસિંહ મહેતા ઍવોર્ડ' માટે આ વર્ષે કવિ માધવ રામાનુજની પસંદગી કરવામાં આવી છે. અમદાવાદમાં વસતા માધવ રામાનુજનું નામ ગુજરાતી કવિતાઓના ભાવકો માટે સહેજ પણ અજાણ્યું નથી. રામાનુજની કવિતા કોઈ એક વિષયના રાજમાર્ગ પર નથી ચાલતી પરંતુ વિવિધતાની શેરી–ગલીઓ ઘૂમી વળી છે. માણસ–માણસ વચ્ચેના સંબંધના અલગ અલગ પાસાથી લઈ માણસ અને ઈશ્વર વચ્ચેના અલૌકિક સંબંધ જેવા વિષયોને તેમણે ઊંડાણથી જોયા છે અને પછી તેની અભિવ્યક્તિ કરી છે.

૧૯૭૨માં 'તમે', ૧૯૯૭માં 'અનહદનું એકાંત' કાવ્યસંગ્રહ તેમણે આપ્યા છે. શરદપૂનમે મોરારિબાપૂના હસ્તે પરંપરાગત રીતે તેમને આ ઍવોર્ડ આપવામાં આવશે.

## 'સ્પીકમેકે' અને ભવન્સ એ.કે. દોશી વિદ્યાલય દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

'સ્પીકમેકે' અને ભવન્સ એ.કે. દોશી વિદ્યાલય જામનગરના સંયુક્ત ઉપક્રમે સુપ્રસિદ્ધ વાંસળીવાદક રૂપક કુલકર્ણી અને તબલાવાદક કાલિદાસ મિશ્રાનો અતિસુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમનું સંચાલન એ.કે.દોશી વિદ્યાલયના આચાર્ય ભારતીબહેન વાઢેરા અને પ્રફુલ્લ છાપિયાએ કર્યું હતું અને ભવન્સના ટ્રસ્ટીઓ ભાનુભાઈ દોશી અને અશોક દોશી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.



## સંગીત નાટ્ય કલા અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર એનાયત



તારીખ ૩જી સપ્ટેમ્બર ના રોજ અમદાવાદના જયશંકર સુંદરી નાટ્યગૃહ ખાતે ગુજરાત રાજ્યના પ્રતિષ્ઠિત કલાકારોને ગૌરવ પુરસ્કરાથી સન્માનવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. વરસાદની હેલીની સામે કલાજગત આખું ઝઝુમ્યું હતું. ગૌરવ પુરસ્કાર સમારંભમાં રંગમંચનો વિષય મયુર હતો, મયુરપંખની જાજમ અને મયુરની પાશ્વાદભૂમિ વાળો સેટ નયનરમ્ય અને ભવ્ય હતો. આ દ્રશ્યરચના જ કદાચ વરસાદને મનભરી વરસવા મજબૂર કરતી હશે. કુલ ૧૨ કલાકારોને ગૌરવ પુરસ્કાર એનાયત કરાયાં હતાં. નાટ્યક્ષેત્રે કાન્તિ પટેલ, પ્રફુલ્લ ભાવસાર અને રમેશ તુરી, સંગીતક્ષેત્રે મુંજાલ મહેતા, પીયુ સરખેલ અને રમાકાંત સંત, નૃત્યક્ષેત્રે કાશ્મીરા ત્રિવેદી, ડૉ. રીટા ચોક્સી અને કુ.શીતલ મકવાણા અને લોકકલાક્ષેત્રે ગોપાલ બારોટ, મીનાબહેન પટેલ તથા મુગટલાલ અમથાલાલ નાયકની પસંદગી કરવામાં આવી હતી.

તમામ વિજેતાઓને માનનીય મંત્રી ફકીરભાઈ વાઘેલાના વરદહસ્તે, રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ તથા સચિવ ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં ગૌરવ પુરસ્કાર એનાયત થયા. અકાદમીના સચિવ ભાગ્યેશ જહાએ સહાયક નિમાયક જીતેન્દ્ર ઠક્કરની દશ્યરચનાને બિરદાવી તમામ ગૌરવ પુરસ્કૃત કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમને કલાકારોને ભગવાનના વારસદાર ગણાવ્યા હતા. પ્રત્યેક કલાકારને ₹ ૫૧,૦૦૦/– નો રોકડ પુરસ્કાર, શિલ્ડ, પ્રશસ્તિપત્ર તથા શાલ એનાયત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર સમારોહ ગૌરવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

## 'કલાસંપુટ'નો પાંચમો જન્મદિવસ કલાકારોએ હરખભેર ઊજવ્યો

જીતેન્દ્ર ઠક્કરે આજથી પાંચ વર્ષ પહેલાં પોતાના જન્મદિવસે ૩૧ ઑગસ્ટના રોજ કલાકારોના પોતાના મેગેઝીન 'કલાસંપુટ'ની પહેલી નકલનું લોકાર્પણ કર્યું હતું. ત્યારથી દર ૩૧ ઑગસ્ટે કલાસંપુટ અને જિતેન્દ્ર ઠક્કરનો જન્મદિવસ અમદાવાદ કલાકાર દિવસ તરીકે ઊજવાતો હતો. અમદાવાદના કલાકારો મળે, કલાની વાતો થાય અને જમીને છૂટા પડે. આ એક હરખનું ટાણું બની ચૂક્યું હતું. આ વર્ષે ૩૧ ઑગસ્ટના રોજ કલાસંપુટના કાર્યકારી તંત્રી ચંદ્રકાંત ઠક્કર 'મેહ' વિદેશમાં હોવાથી ૨જી સપ્ટેમ્બરના રવિવારે જલતરંગ ક્લબ ખાતે 'કલાસંપુટ'નો પાંચમો સ્થાપના દિવસ ઊજવાયો... એ જ દિવસે 'કલાસંપુટ' અને નવસર્જનના હૃદય સમા આરતી મણિયારના પિતાશ્રીનું અકાળે અવસાન થયું, તેમ છતાં Show Must Go On ની નીતિ અપનાવી કાર્યક્રમ યથાવત્ રહ્યો. બધી જવાબદારી જીતેન્દ્ર ઠક્કરે સંભાળી લીધી. સ્મશાનમાંથી સીધા જ ચંદ્રકાંત ઠક્કર કાર્યક્રમ સ્થળે આવ્યા અને બધું સમુસૂતરું શરૂ થયું. સદ્‌ગતના માનમાં મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી કાર્યક્રમ શરૂ થયો. આ વખતે કોઈ વડીલોને ડાયસ પર સ્થાન ન હતું. યુવાન કલાકારોને બોલવાની તક આપી નવો ચીલો ચાતર્યો.

શરૂઆતમાં નિમેષ દેસાઈએ પોતાના નાટકનાં પાંચેક ગીતો ગાઈ સૌને મંત્રમુગ્ધ કર્યાં. ત્યાર બાદ અતુલ પટેલ અને રાગી જાનીએ પોતાની નાટ્યયાત્રાની રસપ્રદ વાતો કરી. પોતાને સહયોગ આપનારા સહુને યાદ કર્યા. યુવા અભિનેત્રી શ્રદ્ધા જહાએ પોતાના નાટકના સંસ્કૃત સંવાદો સંભળાવીને દાદ મેળવી. અશોક દવે અને મહેશ શાસ્ત્રીએ સૌને હસાવીને હળવા કર્યાં. સિંગાપુર ગુજરાતી સમાજના અગ્રણી ભરત રાજ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પી. ખરસાણી સહિતના તમામ દિગ્ગજ કલાકારો હાજર હતા.




૧ ઓક્ટોબરઃ જાસ્મીન શાહ (ટ્રાન્સ મીડિયા, મુંબઈ)
૧ ઓક્ટોબરઃ દિશાની મહેતા(ગાયિકા, ભાવનગર)
૧ ઓક્ટોબરઃ શિવદાન ચારણ (લેખક. બાકરોલ)
૨ ઓક્ટોબરઃ નવનીત ઉપાધ્યાય (લેખક, વડોદરા)
૩ ઓક્ટોબરઃ અમૃતલાલ વેગડ (લેખક, જબલપુર)
૪ ઓક્ટોબરઃ અક્ષય પટેલ (અભિનેતા, નૃત્યકાર, અમદાવાદ)
૪ ઓક્ટોબરઃ શૈલેન્દ્ર સીંગ (પાર્શ્વગાયક, મુંબઈ)
૪ ઓક્ટોબરઃ અમીપ પ્રજાપતિ (ગાયક, અમદાવાદ)
૪ ઓક્ટોબરઃ સુમિત્રા કુલકર્ણી (લેખિકા, અમદાવાદ)
૫ ઓક્ટોબરઃ કપિલદેવ શુક્લ (નાટ્યકાર, સુરત)
૫ ઓક્ટોબરઃ ઐશ્વર્યા મજમુદાર (પાર્શ્વગાયિકા, અમદાવાદ)
૬ ઓક્ટોબરઃ દામિની મહેતા (નાટ્ય-ટીવી કલાકાર, અમદાવાદ)
૬ ઓક્ટોબરઃ ઈશ્વરલાલ પરમાર (લેખક, જામનગર)
૬ ઓક્ટોબરઃ રાહુલ સિદ્ધાર્થ (કવિ, સુરત)
૭ ઓક્ટોબરઃ મનન પારેખ (વાદકકલાકાર-કી-બોર્ડ, ભાવનગર)
૭ ઓક્ટોબરઃ ઉષા ખન્ના (સંગીત નિર્દેશિકા, મુંબઈ)
૭ ઓક્ટોબરઃ વિજય આશર (ગઝલકાર, જામનગર)
૭ ઓક્ટોબરઃ પ્રબોધ જોશી (કવિ, અમદાવાદ)
૭ ઓક્ટોબરઃ ઊર્મિલા ઠાકર (લેખિકા, અમદાવાદ)
૭ ઓક્ટોબરઃ કિરણકુમાર ચૌહાણ (કવિ, સુરત)
૮ ઓક્ટોબરઃ પ્રસાદ બ્રહ્મભટ્ટ (લેખક, અમદાવાદ)
૯ ઓક્ટોબરઃ પલ્લવી મહેતા (નાટ્યકલાકાર, અમદાવાદ)
૧૦ ઓક્ટોબરઃ જગદીપ મહેતા (વાદક કલાકાર, અમદાવાદ)
૧૦ ઓક્ટોબરઃ મનીષ કંસારા (વાદક કલાકાર, ઓક્ટાપેડ અમદાવાદ)
૧૦ ઓક્ટોબરઃ કરુણાશંકર જોશી (કવિ, અમદાવાદ)
૧૦ ઓક્ટોબરઃ ઉત્પલ ભાયાણી (લેખક, મુંબઈ)
૧૦ ઓક્ટોબરઃ સતીશ વ્યાસ (લેખક, અમદાવાદ)
૧૧ ઓક્ટોબરઃ કીર્તિદા ઠાકોર (નાટ્ય, ટીવી કલાકાર, અમદાવાદ)
૧૧ ઓક્ટોબરઃ અભય શાહ (નિર્દેશક, કલાકાર અમદાવાદ)
૧૧ ઓક્ટોબરઃ નવીનચંદ્ર આચાર્ય (લેખક, આણંદ)
૧૧ ઓક્ટોબરઃ કેયૂર સોની (વાદકકલાકાર-ગિટાર, અમદાવાદ)
૧૨ ઓક્ટોબરઃ દેવકી (આર.જે, રેડ.એફ.એમ, અમદાવાદ)
૧૨ ઓક્ટોબરઃ નીદા ફાજલી (કવિ-ગઝલકાર, મુંબઈ)
૧૨ઓક્ટોબરઃજગદીશ ત્રિવેદી (હાસ્યકાર-લેખક, સુરેન્દ્રનગર)
૧૩ ઓક્ટોબરઃ દિલીપ ગઢવી (નાટ્યકલાકાર, અમદાવાદ)
૧૩ ઓક્ટોબરઃ ગાર્ગી વોરા (ગાયિકા, રાજકોટ)
૧૩ ઓક્ટોબરઃ હોમી વાડિયા (નાટ્યકલાકાર, મુંબઈ)
૧૩ ઓક્ટોબરઃ દેવાંશી શાહ (ગાયિકા, અમદાવાદ)
૧૪ ઓક્ટોબરઃ સંજય છેલ (ફિલ્મ ડાયરેક્ટર, રાઈટર, મુંબઈ)
૧૪ ઓક્ટોબરઃ ઝંખના દેસાઈ (નાટ્ય-ટીવી કલાકાર, પ્રોડ્યુસર, મુંબઈ)
૧૪ ઓક્ટોબરઃ પલ્લવી પ્રધાન (નાટ્યકલાકાર, મુંબઈ)
૧૪ ઓક્ટોબરઃ કિર્તિ ભાગવત (ગાયિકા, વડોદરા)
૧૪ ઓક્ટોબરઃ કનુ આચાર્ય (લેખક, બનાસકાંઠા)
૧૪ ઓક્ટોબરઃ ગોવિંદ દરજી (કવિ, અમદાવાદ)
૧૪ ઓક્ટોબરઃ હરીશ રઘુવંશી (ફિલ્મ પત્રકાર, સુરત)
૧૪ ઓક્ટોબરઃ ઝંખના દેસાઈ (નાટ્યકલાકાર, મુંબઈ)
૧૫ ઓક્ટોબરઃ દેવેન્દ્ર પંડિત (નાટ્ય, ફિલ્મ કલાકાર, મુંબઈ)
૧૫ ઓક્ટોબરઃ અલ્તાફ રાજા (ગાયક, મુંબઈ)
૧૫ ઓક્ટોબરઃ હર્ષદા રાવળ (ગાયિકા, અમદાવાદ)
૧૫ ઓક્ટોબરઃ લલિત સેન (સંગીતકાર, મુંબઈ)
૧૬ ઓક્ટોબરઃ રાગિણી (નાટ્ય-ટીવી કલાકાર, મુંબઈ)
૧૬ ઓક્ટોબરઃ ગણપત ઉપાધ્યાય (લેખક, અમરેલી)
૧૬ ઓક્ટોબરઃ સુવર્ણા ઠાકર (લેખિકા, અમદાવાદ)
૧૬ ઓક્ટોબરઃ રાજેશ વ્યાસ 'મિસ્કીન' (કવિ, અમદાવાદ)
૧૬ઓક્ટોબરઃ અમરીશ પરીખ (નાટ્યકલાકાર, અમદાવાદ)
૧૬ ઓક્ટોબરઃ હરિપ્રસાદ શાસ્ત્રી (લેખક, અમદાવાદ)
૧૭ ઓક્ટોબરઃ સરિતા જોષી (નાટ્ય,ટીવી કલાકાર, મુંબઈ)
૧૮ ઓક્ટોબરઃ ફકીરભાઈ વાઘેલા (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક મંત્રી, ગાંધીનગર)
૧૮ ઓક્ટોબરઃ સોનલ રાવલ (ગાયિકા, અમદાવાદ)
૧૯ ઓક્ટોબરઃ નિરંજના વોરા (લેખિકા, અમદાવાદ)
૧૯ ઓક્ટોબરઃ હેમંત જોશી (વાદક કલાકાર-તબલા, અમદાવાદ)
૨૦ ઓક્ટોબરઃ હર્ષદેવ જાની (લેખક, ગાંધીનગર)
૨૦ ઓક્ટોબરઃ આતિશ પાલનપુરી (ગઝલકાર, અમદાવાદ)
૨૦ ઓક્ટોબરઃ શેફાલી શાહ (શાસ્ત્રીય ગાયિકા, અમદાવાદ)
૨૧ ઓક્ટોબરઃ અનિલા દલાલ (લેખક, અમદાવાદ)
૨૨ ઓક્ટોબરઃ ભૂપેન્દ્ર ત્રિવેદી (લેખક, રાજકોટ)
૨૩ ઓક્ટોબરઃ પલક જોશી (ગાયિકા, અમદાવાદ)
૨૪ ઓક્ટોબરઃ દિપક બાવસ્કર (ટેલિવિઝન દિગ્દર્શક, મુંબઈ)
૨૪ ઓક્ટોબરઃ શૈલેષ ટેવાણી (કવિ, રાજકોટ)
૨૫ ઓક્ટોબરઃ જયેન્દ્ર મહેતા (નાટ્ય-ટીવી કલાકાર, મુંબઈ).
૨૫ ઓક્ટોબરઃ શાંતિભાઈ આચાર્ય (લેખક, જામનગર)
૨૫ ઓક્ટોબરઃ મહેશ શાહ (લેખક, વડોદરા)
૨૫ ઓક્ટોબરઃ ઉન્નતિ ઝીંઝુવાડિયા (ગાયિકા, ભાવનગર)
૨૫ ઓક્ટોબરઃ નિકિતા શાહ (ગાયિકા, અમદાવાદ)
૨૬ ઓક્ટોબરઃ ધર્મેન્દ્ર ગોહિલ (નાટ્યકલાકાર, મુંબઈ)
૨૬ ઓક્ટોબરઃ રમેશ આચાર્ય (કવિ, સુરેન્દ્રનગર)
૨૬ ઓક્ટોબરઃ અબ્દુલઅઝીઝ કાદરી (કવિ, વડોદરા)
૨૮ ઓક્ટોબરઃ હરીશ નાયક (લેખક, અમદાવાદ)
૨૮ ઓક્ટોબરઃ ઉદયન ઠક્કર (કવિ, મુંબઈ)
૨૮ ઓક્ટોબરઃ નંદીતા અધ્વર્યુ (લેખિકા, અમદાવાદ)
૨૮ ઓક્ટોબરઃ કિશોર અંધારિયા (લેખક, ભાવનગર)
૨૮ ઓક્ટોબરઃ ધ્વનિલ પારેખ (કવિ, સુરત)
૨૯ ઓક્ટોબરઃ હેરી ઉપાધ્યાય (પ્રકાશ આયોજક, અમદાવાદ)
૨૯ ઓક્ટોબરઃ અરવિંદ જોશી (નાટ્યકલાકાર, મુંબઈ)
૩૦ ઓક્ટોબરઃ ફૂલચંદ ગુપ્તા (કવિ, હિંમતનગર)
૩૧ ઓક્ટોબરઃ રમણલાલ મહેતા (લેખક, વડોદરા)
૩૧ ઓક્ટોબરઃ બળવંતરાય આરસમાની (લેખક, સુરત)
૩૧ ઓક્ટોબરઃ સુધીર ખાંડેકર (સંગીતકાર અને વાદક કલાકાર-વાયોલીન, અમદાવાદ)
૩૧ ઓક્ટોબરઃ દિવ્યાંગ અંજારિયા (ગાયક, અમદાવાદ)

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.

# સૂર શબ્દની સાથે જોડાવ...


- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.





વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

## સ્વરસેતુ

### ન્યૂઝ ડાયજેસ્ટ




સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું.................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹...........................મોકલી આપુ છું,

નામ :-.....................................................................................................................................

સરનામું :-.....................................................................................................................................

.....................................................................................................................................

ટેલિફોન નંબર :-.......................................મોબાઈલ નંબર :-.......................................ઈ-મેઈલ :-.......................................

ચેક/ડી.ડી નંબર :-.......................................બેંક :-.......................................તારીખ :-.......................................

( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.




NATIONAL RURAL HEALTH MISSION (2005-2012)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય.

Registered under RNI No. **GUJGUJ / 2011 / 44495.** Permitted to post at ahmedabad PSO on 14th date of Every Month under Postal Regd. No. **GAMC 1833 / 2012-2014 Valid Up to 31/12/2014.**




## નવઉલ્લાસ, નવઉર્જા અને નવલખા ઉત્સવનું અભિવાદન



દરેક ઉત્સવમાં તમારા અસ્તિત્વની આગવી છાપ ઉભી કરવા માટે તમે હંમશા યોગ્ય નિર્ણયકર્તા રહ્યાં છો. આપનો નિર્ણય જે હશે તે, એ બી જવેલ્સ્ હંમેશા આપની પસંદગીની તરફેણમાં રહેશે. એટલે જ અહીંના ખાસ નવીનતમ ગોલ્ડ, ડાયમંડ, પ્લેટિનમ અને સિલ્વરના ઉત્તમ કલેક્શન આપના મન મોહી લેશે. આજે જ એ બી જવેલ્સ્ સ્ટોરની મુલાકાત લો. આપની પસંદ વ્યક્ત કરી વિશ્વને મોહિત કરો.

Since 1950

JEWELS

... આપનું ગર્વ!

## એ બી જવેલ્સ્

શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ. (અમારી બીજી કોઈ શાખા નથી)

ફોનઃ 079-26742525 / 26 • email: benchmark@abjewels.com

Like us on f / abjewels

ડાયમંડ

પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર

**અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મોલ**

TRITON